## સમસ્ત પ્રજાપતિ સમાજનાં નેતૃત્વમાં અઢારેય આલમે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# બાબરા : સતાધારનાં મહંત સામે પાયાવિહોણા આક્ષેપથી રોષનો માહોલ

**દરેડ રોડથી મામલતદાર કચેરી સુધી મહંત વિજયબાપુની તસ્વીર સાથે રેલી યોજાઈ**

**વિશ્વ હિંદુ પરિષદ, આરએસએસ સહિતનાં હિંદુ સંગઠનો પણ જોડાયા**

**સતાધારનાં મહંત પર આક્ષેપ કરી સનાતનની જ્યોતને જોખમ કરવાનો હીનપ્રયાસ સાંખી નહિ લેવાય : શેખવા**

**પાયાવિહોણા આક્ષેપ કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી**







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

સતાધારની જગ્યા અને પૂજય મહંત વિજયબાપુ પર ખોટા અને પાયા વિહોણા આક્ષેપો ને લઈ બાબરામાં સમસ્ત પ્રજાપતિ સમાજ સહિત દરેક સમાજના અગ્રણીઓ તેમજ વિવિધ હિન્દૂ સંગઠન દ્વારા બાબરા મામલતદારને આવેદનપત્ર પત્ર આપી ઉગ્ર રોષ વ્યકત કરી કસૂરવાર વિરૂદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી હતી.

બાબરામાં દરેડ રોડથી વિશાળ પગપાળા બે કિલોમીટર દૂર સુધી રેલી યોજવામાં આવી હતી. પૂજય વિજયબાપુના ફોટા સાથે દરેક વ્યકિત સતાધારની જય સનાતન ધર્મની જય જયકાર સાથે મોટી સંખ્યામાં મામલતદાર કચેરીમાં પહોંચ્યા હતા અને ઉગ્ર રોષ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે, અઢારે આલમના વિ પ્રસિધ્ધ સતાધારધામ આપાગીગાની જગ્યાએ લાખો–કરોડો લોકોની આસ્થા અને શ્રધ્ધાનુ કેન્દ્ર બિંદુ છે અને સતાધાર એટલે જેને સતનો આધાર છે એવી મહાન પરંપરાની જગ્યા અને ત્યાં બીરાજમાન જગ્યાના મહંત પરમ પુજય શ્રી વિજયબાપુને બદનામ કરવાનો તથા બ્લેકમેલ કરી પૈસાનો તોડ કરવાનુ આયોજનપૂર્વકનું ષડયંત્ર ચાલી રહ્યું છે જે ગુનાહિત પ્રવૃત્તિ ખુબજ નિંદનીય છે અને દુ:ખદ છે અને દંડનીય કાર્યવાહીને પાત્ર છે.

નિતિનભાઈ ચાવડા દ્વારા સનાતન ધર્મને બદનામ કરવા ગુનાહીત કૃત્ય ઈલેકટ્રોનીકસ તથા સોશીયલ મીડીયા દ્વારા પ્રવૃત્તિ કરી રહ્યા છે તથા વિજયબાપુનુ ચરીત્ર હનન કરવાનું દુર્ભાગ્યપુર્ણ કાવતરા અને કૃત્ય કરી રહ્યા છે જેના કારણે આવેદનપત્ર પાઠવી કાર્યવાહી કરવાની જરૂર પડી છે.

સતાધારધામ અને આપાગીગાની જગ્યા તથા પરમ પુજય વિજયબાપુને બદનામ કરવાનાં કૃત્યમાં કેટલીક વ્યકિત સાથે મળીને પડદા પાછળ રહી ગુનાહીત કાવતરા કરી ભુંડી ભુમીકા ભજવી રહ્યાં હોઈ એવુ અમને પ્રથમ દ્રષ્ટીએ જણાઈ રહ્યુ છે. જેથી પુજય વિજયબાપુ સામે ચાલી રહેલા ષડયંત્રની રાજય સરકાર દ્વારા ઉચ્ચકક્ષાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગણી છે. કેમ કે અમે સનાતન ધર્મમા આસ્થા રાખનારા લોકો છીએ અને સતાધારધામ અને આપાગીગાની જગ્યા અમારા માટે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર છે તેથી એ જગ્યા અને તેના મહંત પરમ પુજય શ્રી વિજયબાપુને બદનામ કરવા તથા તેમના ચરીત્રને લાંછન લગાડવા તથા બ્લેકમેલ કરી પૈસા પડાવવાના કાવતરા કરી રહેલા ઉપરોકત લોકોના કારણે અમારી ધાર્મિક તથા સામાજીક લાગણીને ઠેસ પહોંચી છે અને અમારી ધાર્મિક લાગણી દુભાય છે. ત્યારે ઉપર જણાવેલ વકિત તથા તપાસમાં ખુલ્લે તે તમામ વ્યકિત સામે કડક માં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી લાગણી તથા માંગણી છે.

---

### ડો. બાબા સાહેબ આંબેડકરનું અપમાન થતા

## જાફરાબાદ ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા ગૃહમંત્રી અમિત શાહનાં રાજીનામાની માંગ

**મામલતદાર મારફત રાષ્ટ્રપતીને આવેદનપત્ર પાઠવાયું**

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદ કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરના અપમાનિત મુદે આવેદનપત્ર આપ્યું.

જાફરાબાદ શહેર/તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા લોકસભામાં દિલ્હી ખાતે અમિતભાઈ શાહે ડો. બાબાસાહેબનું અપમાન કરેલ તે સંદર્ભે જાફરાબાદ વિસ્તારના કોંગ્રેસના અગ્રણીઓએ રાષ્ટ્રપતિને આવેદનપત્ર જાફરાબાદ મામલતદાર દ્વારા આપવામાં આવેલું. આ તકે જાફરાબાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હરેશભાઈ બામણીયા, જાફરાબાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નાથાભાઈ પરમાર, વિનુભાઈ સરવૈયા, રજાકભાઈ થૈયમ, સમીરભાઈ દાફડા, મુદસરભાઈ થયમ, સફિભાઈ કુંડલિયા, સેજાદભાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં મામલતદારને આવેદનપત્ર પાઠવી અને તાત્કાલિક ધોરણે અમિત શાહ રાજીનામું આપે તેવી માંગ કરી.




---

### તુમ મુજે યુ ભુલા ના પાઓંગે

## સાવરકુંડલા ખાતે આજે મહાન ગાયક મહમંદ રફીનાં ૧૦૦મી જન્મદિનની ઉજવણી

**કરાઓકે ધૂન ઉપર ગીતો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે**

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલાના સ્વરસાધના ગ્રુપ દ્વારા મહમદ રફીના ગીતો કરાઓકે ધૂન પર ગાઈને રફીની યાદોને વાગોળ વાનો કાર્યક્રમ યોજાશે.

મહાન ગાયક મહંમદ રફીનો આજે ૧૦૦ મો જન્મ દીવસ છે અને દુનિયા રફીને કયારેય ભૂલી શકે તેમ નથી . આ મહાન ગાયકને એટલે જ વિ આજે અંજલિ અર્પણ કરી રહ્યું છે ખાસ કરી અમરેલી જિલ્લામાં પણ રફીના વિશેષ ચાહકો છે જે રફીના ગીતો દિન રાત ગણગણ્યા કરે છે જેથી રફી કાયમ આપણી સાથે હોય તેવું લાગે છે. ઓ દુનિયા કે રખવાલે જયારે રફી સાહેબ દ્વારા રેકોર્ડિંગ કરાયું તો રફીને લોહીની ઉલટી થઈ હતી મતલબ આ ગીતમાં તેમણે જાનરેડી દીધી જેથી સંગીતકાર નેશાદ અને ગીતકાર શકીલ બદાયુંએ રફીની પીઠ થાબડી હતી અને આ ગીત આજીવન અમર થશે નું જણાવ્યું હતું ત્યારે



રફી વ્યકિતગત માનવતાવાદી હતા અને સતત ગરીબોનું ધ્યાન રાખતાં. હાલ જે તેના દીકરાઓ પણ આ વિરાસતને જાળવી છે. તો રફીના દિવાના અમરેલી જિલ્લામાં પણ રફીના અવાજમાં જીવંત છે ખાસ કરી સિકંદર પઠાણ હાલ રફીનો વારસો જાળવીને બેઠા છે તેવી જ રીતે સાવરકુંડલાના સ્વ. રજનીભાઈ જાદવ પણ રફીના અનોખા ચાહક હતા. તો અમી ચેરીટેબલ ટ્રસ્ટના હાજી ગફારભાઈ જાદવ, અબ્દુલભાઈ ચાંદ, વારીસભાઈ તેમજ હિતેશ સરૈયા અમરેલીના ડો.ભરત કાનાબાર સહિતના અનેક ચાહકોએ હાલ પણ રફીના ગીતોને ગુનગુનાવી રફીના કલા વારસાને જાળવી રાખવા પ્રયાસ કરી રહ્યા છે ત્યારે આ સદીના મહાન ગાયક જે પણ દુનિયામાં હોય તેને સો સો સલામ છે. અંતમાં નફરત કી દુનિયા કો છોડકર પ્યાર કી દુનિયામેં ખુશ રહેના મેરે યાર. આજે પણ એવા અવિસ્મરણીય ગીતો જગતનાં કલાપટ પર ગુંજી રહ્યાં છે અને સદાય ગુંજતા રહેશે. સાવરકુંડલાના પત્રકાર જગતનાં ફારૂક કાદરી, દિલીપ જીરૂકા, સોહિલ શેખ, નાસીર ભઈમ ચૌહાણ, મહેન્દ્રભાઈ બગડા, બિપીનભાઈ પાંધી, દીપકભાઈ પાંધી વગેરેએ રફીના અમર ગીતોને વાગોળીએ યુગના ભવ્ય વારસાને જીવંત રાખવા પ્રયાસ કરતાં જોવા મળ્યા.

---

## અમરેલી : નૂરાની માનવ સેવા ગૃપ દ્વારા ખતના કેમ્પ યોજાયો




અમરેલી, તા. ૨૪

અમરેલી જીલ્લામાં તા. ૨૨/૧૨/૨૪ રવિવારના રોજ સીઝનના પ્રથમ ખતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રોજ ૫૦ જેટલા બાળકની ભાવનગરના પ્રખ્યાત ખતના જનાબ ડો. હનીફભાઈ લાખાણી, ડો. આદિલભાઈ લાખાણી કેમ્પમાં બાળકોની ખતના કરી હતી અને દરેક બાળકને ભેટ પણ આપવામાં આવી હતી.

જેમાં નૂરાની માનવ સેવા ગ્રૂપ ના ખત્નાં કેમ્પમાં કેમ્પ ઈન્ચાર્જ અસરફભાઈ ખનખન સાજીદભાઈ ઓઠા, અયુબભાઈ રઈસ, તન્જીલ ચૌહાણ, સફુભાઈ દલની, ફેજભાઈ પીરૂવાણી, અરમાન ચૌહાણ ટ્રસ્ટના સક્રિય કાર્યકર્તા મેમ્બર અને અમરેલી મુસ્લીમના તમામ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

---

## સાવરકુંડલામાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૪

અમરેલી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં ગ્રાહક સુરક્ષા કલબ, એનએસ.એસ, ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા, તાલુકા કાનૂની સેવા સમિતિ સાવરકુંડલાના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ નિમિત્તે ગ્રાહક જાગૃતિનો કાર્યક્રમ યોજાયો, જેમાં કોલેજના પ્રિન્સિપાલ ચાવડાએ મહેમાનોનું સ્વાગત કર્યુ તથા પરિચય આપ્યો. ગ્રાહકોના અધિકારો વિશે જિલ્લા તોલમાપ અધિકારી જે.પી. બારીયા, તાલુકા નિરીક્ષક જે. કે . રબારી , એડવોકેટ મુકેશભાઈ સાદરાણી, પત્રકાર પાંધી, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ એડવોકેટ રમેશભાઈ હિરાણી, એડવોકેટ પાયલબેન ગઢીયા તથા હર્ષદભાઈ જોશી વગેરેએ ગ્રાહક સુરક્ષાને લગતી માહિતી આપી તથા ખરીદી વખતે ન છેતરાય તે માટે કેવા પગલાં લેવા, સાયબર ફ્રોડથી બચવા શું કરવું, તે વિશેની ખૂબ ઉપયોગી માહિતી આપી. કાર્યક્રમના સંયોજક તરીકે પ્રા. છાયાબેન શાહે ભૂમિકા ભજવી તથા આભાર દર્શન પ્રોગ્રામ ઓફિસર ડો. હરિતાબેન જોષીએ કર્યુ. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીત દ્વારા સમાપન કરવામાં આવ્યું અને ગ્રાહક સુરક્ષા કલબ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી. કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓનો સહકાર સાંપડયો.

---

### ૩ યુવા મિત્રો માટે કાર જોખમી બની

## સાવરકુંડલા–અમરેલી માર્ગ ઉપર કાર પુલ નીચે ખાબકતા એક યુવકનું મોત

**જુદા–જુદા ગામે રહેતા મિત્રો એક કારમાં સવાહ હતા**

અમરેલી, તા. ૨૪

ધારી તાલુકાના કેરાળા ગામે રહેતા દક્ષીતભાઈ રાજુભાઈ રાઠોડ નામના ૨૩ વર્ષિય વિદ્યાર્થી તથા તેના ફુઈનો દીકરો રસીકભાઈ બાબુભાઈ સોલંકી (રહે. હુડલી, તા. ધારી) તથા વિદ્યાર્થીના મિત્ર સુમિતભાઈ રમેશભાઈ પરમાર (રહે. સાવરકુંડલા) ત્રણેય જણા ગત તા. ૨૩ બપોરના એક વાગ્યા આસપાસ રસીકભાઈ સોલંકીની ફોર વ્હીલ નં. જી.જે.–૦૩ એ.બી. ૩૦૨૯ લઈને અમરેલી જતા હતા. ત્યારે રસીકભાઈ બાબુભાઈ સોલંકી ગાડી ચલાવતા હતા. તે દરમ્યાન સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામના પુલ પાસે પહોંચતા રસીકભાઈએ ફોરવ્હીલ વાહન ગફલતભરી રીતે ચલાવતા વાહન કાબુમાં ન રહેતા પુલ પરથી ફોર વ્હીલ નીચે પડી જતા ગાડી પલટી મારી જતા રસીકભાઈ બાબુભાઈ સોલંકીને માથાના ભાગે ઈજા થતા મોત નિપજયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

### દિલીપ સંઘાણીએ પત્ર પાઠવ્યો

## ગુજરાતમાં આજથી ૩ દિવસ માવઠાની સંભાવવાને લઈને સરકારમાં રજૂઆત

**ટેકાનાં ભાવે થતી ખરીદીનાં દિવસોમાં વધારો કરવો**

અમરેલી, તા. ૨૪

ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ અને પૂર્વમંત્રી દિલીપ સંઘાણીએ ગુજરાતમાં આગામી તા ૨૫ થી ૨૭ ડીસે. કુલ ૦૩ દિવસ દરમ્યાન ભારે માવાઠાની હવામાન ખાતાની આગાહીના સમાચારનાં સંદર્ભમાં રાજયના મુખ્યમંત્રી, કૃષિ મંત્રી તેમજ કૃષિ સચિવને પત્ર લખી સંભવિત માવઠાની સચોટ માહિતિ મેળવી અસર વાળા વિસ્તારનો સર્વે કરવા તેમજ માવઠાના સમય દરમ્યાન સરકાર દ્વારા ખરીદવામાં આવેલો કે ખેડૂતો પાસે રહેલો અથવા રસ્તામાં લાવવા – લઈ જવાના સમયે વરસાદ થી પાક બગડે નહિ તે માટે માવઠાની સંભવિત અસરવાળા વિસ્તારના ખેડૂતો તેમના વિસ્તારના વિવિધ ખરીદી કેન્દ્રો પર ન જાય અને



આગમચેતીના ભાગરૂપે સરકાર દ્વારા આ વિસ્તારને નિશ્ચિત કરી તે વિસ્તારના ખેડૂતોને અગાઉથી જ સચોટ માહિતી મળે તેમજ આ દિવસો દરમ્યાન બંધ રહેલી ખરીદી પછીના દિવસોમાં વધારી આપવામાં આવે તો ખેડૂતોને થનાર નુકશાન સામે રક્ષણ આપવા માટે યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરી છે.

---

### જિલ્લાનાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી

## અમરેલીથી રાજકોટ જતી બસોને ત્રંબા ખાતે સ્ટોપ આપવા માંગ

**ઉચ્ચ અધિકારીને પત્ર પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૪

ત્રંબા અને તેની આજુબાજુ આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં અમરેલી જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહ્યા છે. હાલમાં અમરેલીથી રાજકોટ જતી મોટાભાગની એકપ્રેસ બસોનો ત્રંબા સ્ટોપ હોતો નથી. જેને અમરેલી જિલ્લામાંથી અભ્યાસ અર્થે ત્રંબા જતા વિદ્યાર્થીઓને ન છૂટકે રાજકોટ સુધી જવું પડે છે અને રાજકોટથી પાછુ ૧૦ કિમીનું અંતર કાપીને ત્રંબા આવવું પડે છે. આને લીધે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘણીવાર વિદ્યાર્થીઓએ રાજકોટની ટિકિટ લીધી હોવા છતાં ડ્રાઈવર–કન્ડકટર દ્વારા ઉદ્ધત વર્તન કરીને વિનંતી કરવા છતાં ત્રંબા ઉતરવા દેવાતા નથી. આથી આ બાબતે યોગ્ય નિર્ણય લઈ અમરેલી વિભાગની રાજકોટ જતી તમામ બસોને ત્રંબા ખાતે સ્ટોપ આપવાની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

## કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ ગૌરવસમાં સિંહોને મારણ માટે ભટકવું પડે

# વડિયાનાં ખાખરીયા ગામે સિંહોએ ૩ પશુનાં કર્યા મારણ

સિંહોની માનવ વસાહતમાં અવરજવરની સમસ્યાનું નિરાકરણ વનમંત્રી કે વન અધિકારીઓ પાસે નથી

વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે સિંહોની પણ સુરક્ષા થઈ શકતી નથી

મોંઘવારી, બેરોજગારીથી ત્રસ્ત આમ આદમીને રાની પશુઓથી પણ ફફડવું પડે છે

વન અધિકારીઓ ઠાગાઠૈયા બંધ કરીને માનવ વસાહતમાં થતી સિંહોની અવરજવર બંધ કરાવે



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૨૪

વડિયાની આસપાસના ગ્રામીણ વિસ્તારનાં ગામે સિંહનુ ટોળું આવી અહીં વસવાટ કરવા લાગ્યાના સમાચાર ઘણા દિવસથી સાંભળવા મળે છે. હાલ વડિયાના ખાખરીયા ગામે ગત રાત્રીના રોજ ત્રણ સિંહ દ્વારા ખેડૂત બાબુભાઈ ગોરાસિયાની વાડીએ બાંધેલા ત્રણ પાલતુ પશુઓ જેમા એક ગીર ગાય અને બે ભેંસનુ મારણ કરી તેની મિજબાની માણી હતી. આ સિંહો અને મારણ કરેલા પશુઓના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા સમગ્ર પંથકમાં પશુપાલન અને ખેતી સાથે જોડાયેલા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ બાબતે જે ખેડૂતની વાડીએ સિંહોએ ત્રણ પશુઓના મારણ કર્યા હતા તે ખેડૂત બાબાભાઈ ગોરાસિયાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યા અનુસાર મારણ કર્યા બાદ તેમને જાણ થતા તેણે ત્રણ સિંહો જોયા હતા. ત્યારે આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. સાથે તેમણે વન વિભાગને આ બાબતે જાણ કરેલ હોવાથી તેણે પણ આ બાબતે માહિતી મેળવી હતી. ત્યારે ગીરથી દૂરના આ વિસ્તારમાં સિંહોના ટોળા અને મારણથી હાલ લોકોને રાત્રીના વાડીએ જવું મુશ્કેલ બન્યું છે. ત્યારે આ સિંહો દ્વારા કરાયેલા પશુઓના મારણ માટે માલિકને તેનું વળતર આપવામાં આવે સાથે વનવિભાગ પણ રાત્રીના સમયે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી લોકોને માહિતગાર કરે તેવી માંગણી ઉઠવા પામી છે.

### યુવકની ફરિયાદનાં આરોપીઓનાં સંબધીઓ દ્વારા

# બાબરાનાં નીલવડા ગામનાં યુવકે ફરિયાદ નોંધાવતાં પિત્રાઈ ભાઈ ઉપર હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના નીલવડા ગામે રહેતા વિજયભાઈ મુળજીભાઈ ખીમસુરીયા નામના ૩૪ વર્ષિય ખેડૂતના કાકાના દિકરો જયેશભાઈ રામજીભાઈ ખીમસુરીયા (રહે. નીલવડા, તા. બાબરા)ને નીલવડા ગામના શિવાભાઈ ગભરૂભાઈ ધાધલ તથા લાલો બાબુભાઈ ધાધલે ઢીકાપટુનો માર મારી અને છરી મારી દેવાની ધમકી આપી જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, હડધુત કરેલ હોય. જેથી તે લોકો વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ લખાવેલ હોય. ત્યારે બાબરા ગામે રહેતા ભયલુભાઈ બહાદુરભાઈ વાળા, રવિરાજભાઈ બહાદુરભાઈ વાળા આરોપીઓના સબંધી થતા હોય. જેથી તે ફરિયાદનું રાગદ્વેશ રાખી ગત તા. ૨૨ ના રોજ સાંજે ૬ વાગ્યે નીલવડા ગામે ખેડૂતને આરોપીઓએ કહેલ કે તે કેસમાં સમાધાન કરી નાખજો, નહીંતર તમને જોઈ લઈશ. તેમ કહી આ કામના ભયલુભાઈ બહાદુરભાઈ વાળા, રવિરાજભાઈ બહાદુરભાઈ વાળા નામના આરોપીઓએ ખેડૂતને જાનથી મારી નાખવાનું પુર્વ આયોજીત કાવતરૂ રચી લોખંડના પાઈપો લઈને મોટર સાઈકલ લઈને નીલવડા ગામે આવી ખેડૂતને બિભત્સ શબ્દોમાં ગાળો આપી, આરોપીઓએ મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપોથી ખેડૂતને મારમારી બન્ને પગ તથા ડાબા હાથે ગંભીર તથા ફેકચરો આવે તેવી ઈજા પહોંચાડી તેમજ જમણા હાથે મુંઢ ઈજા કરી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, આપમાનીત કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એક તરૂણી સાથે મરજી વિરૂધ્ધ શરીર સંબધ બાંધવાનાં ગુન્હામાં

# બાબરાનાં ઈસમને પોકસો કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા અન રૂપિયા ૩૦ હજારના દંડની સજા ફટકારાઈ

### સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોનાં આધારે સજા પડી

અમરેલી, તા. ૨૪

બાબરા ગામે રહેતી એક ૧૭ વર્ષ ૧૦ માસની ઉંમર ધરાવતી એક તરૂણીને પોણા બે વર્ષ પહેલાં તે જ ગામે રહેતા આરોપીએ લગ્નની લાલચ આપી ભગાડી જઈ તરૂણીને શેખપીપરીયા ગામ પાસે આવેલ ડેમ પાસે લઈ ગયેલ હતો. જયાં તરૂણીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધેલ હતો. અને બાદમાં તેણીને ત્યાં જ મુકી અને તરૂણીનો મોબાઈલ ફોન લઈ નાસી ગયો હતો. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી. આ અંગેનો કેસ અત્રેની એડી. ડિસ્ટ્રિક્ટ કોર્ટ, સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપીને ૧૪ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૩૦ હજારનો દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યા હતો.

આ બનાવમાં બાબરા ગામે રહેતી એક ૧૭ વર્ષ ૧૦ માસની ઉંમર ધરાવતી એક તરૂણીને તે જ ગામે રહેતા મુકેશ નરેશભાઈ ગોહિલ નામનાં આરોપી સાથે બનાવ પહેલાં બે મહિનાથી ઓળખાણ થયેલ હોય, અને ફોનથી વાતચીત કરતાં હતા. ત્યારે પોણા બે વર્ષ પહેલાં ગત તા. ૨૩/૩/૨૩ના રોજ સાંજે તે જ ગામે રહેતો મુકેશ નરેશભાઈ ગોહિલ નામનો આરોપીએ તરૂણી પોતાના ઘર પાસે બેઠી હતી. ત્યારે આરોપીએ તેણીને લગનની લાલચ આપી અને જો તેણી સાથે ના આવે તો તઢણીના ફોટા બધાને બતાવી દેવાની ધમકી આપી ભગાડી લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામ પાસે આવેલ ડેમ પાસે લઈ ગયેલ હતો. આ જયાં તરૂણીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધેલ હતો. અને બાદમાં તેણીને ત્યાં જ મુકી અને તરૂણીનો મોબાઈલ ફોન લઈ નાશી ગયો હતો. બાદમાં તરૂણી પોતાના ઘરે પહોંચ્યા બાદ આ બનાવ અંગે જે તે સમયે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ અંગેનો કેસ અત્રેની એડી. ડિસ્ટ્રિક્ટ કોર્ટ તથા સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોને કોર્ટે માન્ય રાખી અમરેલી એડી. ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ ડી.એસ.વાસ્તવ દ્વારા આરોપી મુકેશ નરેશભાઈ ગોહિલને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૫, નીચે ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારનો દંડ તેમજ આઈ.પી.સી.કલમ ૩૭૬ (૨) (જે) તથા પોકસો એકટની કલમ ૪ અને ૮ નીચે ૧૪ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦ હજારનો દંડની સજાનો હુકમ કરેલ હતો. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યા હતો.


જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી













### રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો શેર કર્યો છે

# સામાન્ય જનતા મોંઘવારીથી કંટાળી રહી છે અને સરકાર સૂઈ રહી છેઃ રાહુલ ગાંધી

**વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે**

નવીદિલ્હી,તા.૨૪

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે. મંગળવારે એક વીડિયો શેર કરતા તેણે લખ્યું, લસણ એક સમયે ૪૦ રૂપિયા હતું, આજે ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે. સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે.

રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે શાકભાજી માર્કેટમાં શાકભાજી વેચનાર પાસેથી અલગ-અલગ શાકભાજીના ભાવ પૂછી રહ્યો છે. રાહુલ સાથે મહિલાઓ પણ છે. એક મહિલા કહે છે કે સોનું સસ્તું થશે પણ લસણ નહીં.

એક મહિલાએ જણાવ્યું હતું કે સલગમ જે એક સમયે ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા તે હવે ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. વટાણા ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. શાકમાર્કેટ ગીરી નગરનું છે. રાહુલ ગાંધીએ મહિલાઓને કહ્યું કે દર વર્ષે મોંઘવારી વધી રહી છે. તેનાથી તમારા પર દબાણ વધશે. રાહુલે પૂછ્યું કે શું GSTને કારણે મોંઘવારી વધી છે. તેના પર મહિલાઓએ કહ્યું કે તેમાં ઘણો વધારો થયો છે.

દિલ્હીમાં આવતા વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. તે પહેલા રાહુલ એક્ટિવ મોડમાં છે. આંબેડકરના મુદ્દે સરકારને ઘેરી રહી છે. હવે તેમણે મોંઘવારી મુદ્દે સરકારને ઘેરી છે. રાહુલ ગાંધી સોમવારે મહારાષ્ટ્રના પરભણી પહોંચ્યા હતા. ૧૦ ડિસેમ્બરની સાંજે મરાઠવાડા ક્ષેત્રમાં સ્થિત પરભણી શહેરના રેલ્વે સ્ટેશનની બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે બંધારણની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડ્યા બાદ હિંસા ફાટી નીકળી હતી.

### મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું

# ઉદ્ધવ ઠાકરેએ MVAનો સાથ છોડ્યો : એકલા લડશે ચૂંટણી

**ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રમાં આગામી યોજાનારી મ્યુનિસિપલ ચૂંટણીમાં એકલા હાથે લડવાની તૈયારી કરી રહ્યા છે**

મુંબઈ, તા. ૨૪

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પૂરી થયા બાદ પણ રાજ્યમાં રાજકીય ગરમાવોનો અંત આવી રહ્યો નથી. જ્યારે છેલ્લા એક મહિનાથી, મહાયુતિમાં સીએમ, મંત્રાલય અને પોર્ટફોલિયોના પદ પર સસ્પેન્સ હતું, ત્યાં સ્ફછમાં પણ સંઘર્ષના અહેવાલો છે. ખાસ કરીને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) એમવીએથી દૂર થવા લાગી છે. જેનું ઉદાહરણ આગામી નગરપાલિકાની ચૂંટણીમાં જોવા મળશે. સૂત્રોનું માનીએ તો ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીમાં એકલા હાથે લડવાની તૈયારી કરી રહ્યા છે. આ માટે તેમણે ૪ દિવસની બેઠક બોલાવી છે, જે ૨૬ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. આ બેઠકમાં શિવસેના (UBT)ના ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેશે. જો કે હજુ સુધી કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી.

અહેવાલો અનુસાર, ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભા ચૂંટણી પછી નિરીક્ષકોની નિમણૂક કરી હતી. આ દરમિયાન વોર્ડ વાઈઝ શાખાના વડાઓ અને વિભાગના વડાઓ સાથે વાતચીત કરવામાં આવી હતી. તેનો અહેવાલ ૨૧ ડિસેમ્બરે યોજાયેલી બેઠકમાં ઉદ્ધવ ઠાકરેને સોંપવામાં આવ્યો હતો. હવે ઉદ્ધવ ઠાકરેએ ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ ડિસેમ્બરે સતત ચાર દિવસ બેઠક બોલાવી છે.

જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો ઉદ્ધવ ઠાકરે મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણી એકલા હાથે લડવાના છે. આ માટે તેઓ સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી રહ્યા છે. આ જ કારણ છે કે તમામ અધિકારીઓને આગામી બેઠકોમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ બેઠકોમાં નાગરિક પંચની ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવશે. ચાર દિવસીય બેઠકોમાં મહારાષ્ટ્રની હોટ વિધાનસભા બેઠકોના પરિણામોની સમીક્ષા કરવામાં આવશે, ત્યારબાદ નાગરિક ચૂંટણી અંગે નિર્ણય લેવામાં આવશે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) એટલે કે મુંબઈ નગરપાલિકાની કમાન હાલમાં શિવસેના (UBT)ના હાથમાં છે. મ્સ્ઝ એશિયાની સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ગણવામાં આવે છે. ૨૦૨૩-૨૪માં BMCનું બજેટ ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હતું, જે ભારતના ઘણા રાજ્યોના બજેટ કરતાં વધુ છે. આ જ કારણ છે કે BMC ચૂંટણી જીતવા માટે મહારાષ્ટ્રની પાર્ટીઓમાં સ્પર્ધા છે.

નોંધનીય છે કે છેલ્લી વખત BMC ચૂંટણી ૨૦૧૭માં જોવા મળી હતી. ત્યારે શિવસેનાનું વિભાજન થયું ન હતું. આવી સ્થિતિમાં, BMCની ૨૩૬ બેઠકોમાંથી શિવસેનાને ૮૪ બેઠકો, ભાજપને ૮૨ બેઠકો અને કોંગ્રેસના નેતૃત્વવાળી MVAને ૩૧ બેઠકો મળી છે. જો કે, શિવસેનામાં વિભાજન પછી, ઉદ્ધવ ઠાકરેના જૂથે મ્સ્ઝની કમાન સંભાળી લીધી અને એકનાશ શિંદેની શિવસેનાએ દ્રઢ્ઢછ સાથે હાથ મિલાવ્યા. હવે મ્સ્ઝની ચૂંટણી માર્ચ ૨૦૨૫માં યોજાવા જઈ રહી છે. આવી સ્થિતિમાં ફરી એકવાર મહાયુતિ અને સ્ફછ વચ્ચે સીધો મુકાબલો થશે.

### વ્યસન મુક્તિ તરફ લોકોને આગળ વધારવાનો સાંસદ ગેનીબેન ઠાકોરે અનુરોધ કર્યો

# સાંસદ ગેનીબેન ઠાકોરની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક

**સાંસદે દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને વ્યસન મુક્તિ તરફ લોકોને આગળ વધારવાનો અનુરોધ કર્યો**

પાલનપુર,તા.૨૪

સાંસદ ગેનીબેન ઠાકોરની અધ્યક્ષતામાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં આવેલી કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઈ હતી. દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને વ્યસન મુક્તિ તરફ લોકોને આગળ વધારવાનો સાંસદ ગેનીબેન ઠાકોરે અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેકટર મિહિર પટેલે કહ્યું કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તથા ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે તે જરૂરી છે. આ ઉપરાંત સાંસદ ગેનીબેન ઠાકોરે જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા.આ મિટિંગમાં "દિશા" બેઠકના અધ્યક્ષ અને સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું કે, કેન્દ્ર અને ગુજરાત સરકારની તમામ યોજનાઓ છેવાડાના વ્યક્તિઓ સુધી પહોંચે, લાભાર્થીઓને ઘર આંગણે જ વિવિધ સેવાઓનો લાભ મળે તથા વિશેષ ગ્રામ્ય કક્ષાએ વિવિધ વિકાસના કાર્યો થાય તે જરૂરી છે. આ દિશા બેઠકમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરી બાબતે ચર્ચા કરાઈ હતી.ગેનીબેન ઠાકોરે જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખાસ કરીને દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર બને તે દિશામાં કામ કરવા સૂચન કર્યું હતું. આ સાથે લોકોને વ્યસનમુક્તિ તરફ આગળ વધવા આહવાન કર્યું હતું. સાંસદ ગેનીબેન ઠાકોરે વિવિધ બસ સ્ટેશન, શાળાઓ અને કોલેજ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ અને શી ટીમની કામગીરીને આગળ વધારવા કહ્યું હતું. આ સાથે પાણી પુરવઠા વિભાગમાં જે ગેર કાયદેસર કનેક્શન હોય તો તેને ત્વરિત દૂર કરવા પણ કહ્યું હતું.આ સાથે ગ્રામીણ વિકાસ વિભાગ, કૃષિ ખેડૂત અને કલ્યાણ વિભાગ, પંચાયત રાજ, આવાસ અને શહેરી વિભાગ, જળ સંસાધનો નદી વિકાસ અને ગંગા સંરક્ષણ, પશુપાલન અને ડેરી, મહિલાને બાળ વિકાસ, આરોગ્ય, પેય જળ અને સ્વચ્છતા વિભાગ, ભૂમિ અને સંસાધન, શિક્ષણ, પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન, સડક પરિવહન અને રાજમાર્ગ, ખાણ મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ, લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ જેવા વિભાગો અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી.

દિશા બેઠકમાં જિલ્લા કલેકટર મિહિર પટેલે કહ્યું કે, જિલ્લાના ખારાશ પ્રદેશોમાં ખેડૂતોને પોતાની જમીન પર કયા કયા પાક વાવી શકાય તેના માટે ખારાશ જમીનને પ્રયોગશાળામાં ચેક કરીને ખેડૂતોને ઉપયોગી એવી પુસ્તિકાને પ્રકાશિત કરવા જણાવ્યું હતું. તેમણે જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તથા ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે તે દિશામાં કામ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં ઈ.ચા જિલ્લા વિકાસ અધિકારી સી.પી.પટેલ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપ-Aમાં

# ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર

**ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં કુલ ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચ રમાશે**

નવીદિલ્હી,તા.૨૪

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ(ICC) એ આવતા વર્ષે પાકિસ્તાન દ્વારા યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરી દીધું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ દુબઈમાં મેચ રમાશે. ટુર્નામેન્ટમાં ભારતની પહેલી મેચ બાંગ્લાદેશ સામે થશે. આ મેચ પણ દુબઈમાં જ રમશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હાઈબ્રિડ મોડલ માટે UAEની પસંદગી કરી હતી. તેથી ભારતીય ટીમ તેની તમામ મેચ યુએઈમાં જ રમશે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ મેચ લાહોરમાં રમાશે. પરંતુ જો ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચશે તો તે દુબઈમાં રમાશે.

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં કુલ ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચ રમાશે. તમામ ટીમોને ૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપ-છમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સિવાય ગ્રુપ-છમાં બે ટીમો ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામે છે. જ્યારે દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડને ગ્રુપ-Bમાં રાખવામાં આવ્યા છે.

ગ્રૂપ-A - પાકિસ્તાન, ભારત, ન્યૂઝીલેન્ડ, બાંગ્લાદેશ

ગ્રૂપ-B - દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ

ICC મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શેડ્યૂલ

૧૯ ફેબ્રુઆરી – પાકિસ્તાન વિ. ન્યૂઝીલેન્ડ, નેશનલ સ્ટેડિયમ, કરાચી

૨૦ ફેબ્રુઆરી – બાંગ્લાદેશ વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ

૨૧ ફેબ્રુઆરી – અફઘાનિસ્તાન વિ. દક્ષિણ આફ્રિકા, નેશનલ સ્ટેડિયમ, કરાચી

૨૨ ફેબ્રુઆરી - ઑસ્ટ્રેલિયા વિ. ઈંગ્લેન્ડ, ગદાફી સ્ટેડિયમ, લાહોર

૨૩ ફેબ્રુઆરી – પાકિસ્તાન વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ

૨૪ ફેબ્રુઆરી – બાંગ્લાદેશ વિ. ન્યૂઝીલેન્ડ, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી

૨૫ ફેબ્રુઆરી – ઓસ્ટ્રેલિયા વિ. દક્ષિણ આફ્રિકા, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી

૨૬ ફેબ્રુઆરી – અફઘાનિસ્તાન વિ. ઈંગ્લેન્ડ, ગદાફી સ્ટેડિયમ, લાહોર

૨૭ ફેબ્રુઆરી – પાકિસ્તાન વિ. બાંગ્લાદેશ, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી

૨૮ ફેબ્રુઆરી – અફઘાનિસ્તાન વિ. ઓસ્ટ્રેલિયા, ગદાફી સ્ટેડિયમ, લાહોર

૧ માર્ચ - દક્ષિણ આફ્રિકા વિ. ઈંગ્લેન્ડ, નેશનલ સ્ટેડિયમ, કરાચી

૨ માર્ચ – ન્યૂઝીલેન્ડ વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ

ક્યાં રમાશે ટુર્નામેન્ટની સેમિ ફાઈનલ અને ફાઈનલ મેચ

૪ માર્ચ - સેમિ ફાઈનલ-૧, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ

૫ માર્ચ - સેમિ ફાઈનલ-૨, ગદાફી સ્ટેડિયમ, લાહોર

૯ માર્ચ - ફાઈનલ - ગદાફી સ્ટેડિયમ, લાહોર ૧૦ માર્ચ - રિઝર્વ ડે

### મેડિકલ રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ક્રિકેટર વિનોદ કાંબલીની બીમારીનું થયું નિદાન

**અહેવાલો અનુસાર, વિનોદ કાંબલીએ ઈજાની ફરિયાદ કરી હતી, જે બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા**

મુંબઈ, તા.૨૪

દેશના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલીની તબિયત બગડવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની થાણેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ખેલ પ્રેમીઓમાં એવો પ્રશ્ન છે કે વિનોદ કાંબલીને ખરેખર શું થયું છે? કારણ કે તેઓ પહેલાથી જ કેટલીક બીમારીઓથી પીડિત છે. હવે તેમના મેડિકલ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે.ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના બાળપણના મિત્ર વિનોદ કાંબલીની બીમારી ચિંતાજનક છે. ત્રણ અઠવાડિયા પહેલા એક કાર્યક્રમમાં આવેલા વિનોદ કાંબલીની હાલત અંગે ઘણા લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ ૨૧ ડિસેમ્બર શનિવારના રોજ તેમને થાણેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયત વધુ બગડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.અહેવાલો અનુસાર, વિનોદ કાંબલીએ ઈજાની ફરિયાદ કરી હતી. જે બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હવે તેમની સારવાર ડોક્ટરોની દેખરેખ હેઠળ ચાલી રહી છે. વિવિધ પરીક્ષણો પછી, ડોકટરોએ તેમના રોગનું નિદાન કર્યું છે. તેમના મેડિકલ રિપોર્ટમાંથી ચાહકોને દિલને ઠેસ પહોંચાડનારા સમાચાર સામે આવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર કાંબલીના મગજમાં લોહીના ગઠ્ઠા છે.

### વોટ્સએપનું આ પગલું એપલ યુઝર્સને પણ અસર કરશે

# ૧ જાન્યુઆરીથી ઘણા સ્માર્ટફોન પર નહીં ચાલે વોટ્સએપ

**કંપનીનું કહેવું છે કે જૂના એન્ડ્રોઇડ વર્ઝનમાં ઘણીવાર નવી એપ અપડેટ્સને સપોર્ટ કરવા માટે જરૂરી ક્ષમતાઓ હોતી નથી**

નવી દિલ્હી, તા.૨૪

1 જાન્યુઆરી, 2025થી ઘણા સ્માર્ટફોન માટે લોકપ્રિય મેસેજિંગ એપ WhatsAppનું સમર્થન બંધ થવા જઈ રહ્યું છે. વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાએ કહ્યું છે કે નવા વર્ષથી વોટ્સએપ એવા એન્ડ્રોઈડ ડિવાઈસ પર કામ કરશે નહીં જે કિટકેટ ઓએસ અથવા જૂના વર્ઝન પર ચાલે છે. WhatsApp દર વર્ષે આવા પગલાં ભરે છે જેથી એપની સુરક્ષા અને કાર્યક્ષમતા નવી ટેકનોલોજી સાથે વધુ સારી રીતે કામ કરતી રહે. અત્રે નોંધનીય છે કે એન્ડ્રોઈડ કિટકેટ વર્ષ 2013માં લોન્ચ કરવામાં આવ્યું હતું. મતલબ કે ઘણા જૂના સ્માર્ટફોનમાં WhatsApp સપોર્ટ બંધ થવા જઈ રહ્યો છે. સામાન્ય ઉપકરણોમાં તે પહેલાની જેમ કામ કરવાનું ચાલુ રાખશે.કંપનીનું કહેવું છે કે જૂના એન્ડ્રોઈડ વર્ઝનમાં ઘણીવાર નવી એપ અપડેટ્સને સપોર્ટ કરવા માટે જરૂરી ક્ષમતાઓ હોતી નથી. આ સુરક્ષા જોખમો બનાવે છે અને કાર્યક્ષમતાને પણ અસર કરે છે. આ નિર્ણય બાદ વોટ્સએપ સપોર્ટ ઘણી બ્રાન્ડના મોડલ્સને અસર કરશે. ખાસ કરીને સેમસંગ, એલજી, સોની વગેરેના સ્માર્ટફોન. LG સ્માર્ટફોન બિઝનેસમાંથી પણ બહાર છે.વોટ્સએપનું આ પગલું એપલ યુઝર્સને પણ અસર કરશે. કંપનીએ કહ્યું છે કે તે 5 મે, 2025થી 15.1 પહેલાના iOS વર્ઝન પર ચાલતા iPhonesને સપોર્ટ કરશે નહીં. કંપની તેના યુઝર્સને 5 મહિનાનો સમય આપી રહી છે જેથી તેઓ અપડેટેડ iOS વર્ઝન પર સ્વિચ કરી શકે. આ તે વપરાશકર્તાઓને અસર કરશે જે iPhone 5s, iPhone 6 અને iPhone 6 Plus નો ઉપયોગ કરી રહ્યાં છે. આઈફોન યુઝર્સ જેમના ડિવાઈસ હજુ પણ જૂના સોફ્ટવેર પર ચાલી રહ્યા છે તેમણે નવા વર્ઝનમાં અપગ્રેડ કરવું પડશે.

### જયરામ રમેશે દાખલ કરી અરજી

# ચૂંટણી નિયમોમાં સંશોધન વિરૂદ્ધ કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા

**કોંગ્રેસે આશા વ્યક્ત કરી કે, સુપ્રીમ કોર્ટ ઝડપથી ખતમ થઈ રહેલી ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતાને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે સામાન્ય લોકો ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોનું નિરીક્ષણ નહીં કરી શકશે**

નવીદિલ્હી,તા.૨૪

ચૂંટણી નિયમોમાં સંશોધનનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ચૂક્યો છે. મંગળવારે કોંગ્રેસે કેન્દ્ર સરકારના ચૂંટણી નિયમોમાં સંશોધન વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી દાખલ કરી છે. કોંગ્રેસે આશા વ્યક્ત કરી કે, સુપ્રીમ કોર્ટ ઝડપથી ખતમ થઈ રહેલી ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતાને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. સામાન્ય લોકો ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોનું નિરીક્ષણ નહીં કરી શકશે.

તાજેતરમાં જ કેન્દ્ર સરકારે ચૂંટણી સંબંધિત ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોના જાહેર નિરીક્ષણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સંશોધન બાદ હવે સામાન્ય લોકો ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોનું નિરીક્ષણ નહીં કરી શકશે. નવા નિયમ પ્રમાણે સરકારે સીસીટીવી કેમેરા અને વેબકાસ્ટિંગ ફૂટેજ તેમજ ઉમેદવારોના વિડિયો રેકોર્ડિંગ જેવા અમુક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોના જાહેર નિરીક્ષણ પર પ્રતિબંધ મૂક્યો છે. તેનો હેતુ આ રેકોર્ડ્સના સંભવિત દુરુપયોગને રોકવાનો છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે નવા સંશોધનને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તેમણે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા ઝડપથી ખતમ થઈ રહી છે. આશા છે કે સુપ્રીમ કોર્ટ તેને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. જયરામ રમેશે X પર લખ્યું કે, 'ચૂંટણી નિયમો-૧૯૬૧માં તાજેતરમાં કરવામાં આવેલા સંસોધનને પડકારતી એક રિટ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.'

જયરામ રમેશે કહ્યું કે ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે. તેની પાસે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાની જવાબદારી છે. પરંતુ એકપક્ષીય અને જાહેર પરામર્શ વિના કાયદામાં આવા બેશરમ સંશોધનને મંજૂરી ન આપી શકાય. તેમણે કહ્યું હતું કે આ સંશોધન ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને જવાબદાર બનાવે તેવી આવશ્યક માહિતીની જાહેર પહોંચને સમાપ્ત કરી દે છે.ભારતના ચૂંટણી પંચની ભલામણના આધારે કેન્દ્રીય કાયદા મંત્રાલયે શુક્રવારે ચૂંટણી નિયમો, ૧૯૬૧ના નિયમ ૯૩(૨)(A)માં સંશોધન કર્યું હતું. આ અંતર્ગત ઈલેક્ટ્રોનિક રેકોર્ડની જાહેર તપાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

### JPCના અધ્યક્ષ પીપી ચૌધરીએ આ બેઠક બોલાવી

# "એક દેશ, એક ચૂંટણી" પર ૮મી જાન્યુ.એ મળશે JPCની પ્રથમ બેઠક

**જેપીસીમાં લોકસભાના ૨૭, રાજ્યસભાના ૧૨ સભ્યો હશે**

નવી દિલ્હી, તા. ૨૪

એક દેશ, એક ચૂંટણી' પર બનેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની પ્રથમ બેઠક ૮ જાન્યુઆરીએ યોજાશે. JPCના અધ્યક્ષ પીપી ચૌધરીએ આ બેઠક બોલાવી છે. ગયા અઠવાડિયે જ સંસદે 'વન નેશન, વન ઈલેક્શન' પર પેનલ બનાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. રાજ્યોમાંથી મહત્તમ પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા JPCમાં ૩૯ સભ્યો હશે. આ સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની અધ્યક્ષતા પૂર્વ કાયદા મંત્રી પીપી ચૌધરી કરશે. જેપીસીમાં લોકસભાના ૨૭ અને રાજ્યસભાના ૧૨ સભ્યો હશે.

લોકસભાના જે ૨૭ સભ્યોને JPCમાં સામેલ કરવામાં આવ્યા છે તેમાં પીપી ચૌધરીનું નામ સૌથી પહેલું છે. બીજા નંબરે સીએમ રમેશ, ત્રીજા નંબરે બાંસુરી સ્વરાજ, ચોથા નંબર પર પરષોત્તમભાઈ રૂપાલા અને પાંચમા નંબરે અનુરાગ સિંહ ઠાકુરનું નામ છે. વિષ્ણુ દયાલ રામની સાથે ભત્રીહરિ મહતાબ, સંબિત પાત્રા, અનિલ બલુની, વિષ્ણુ દત્ત શર્મા, બૈજયંત પાંડા, સંજય જયસ્વાલ, પ્રિયંકા ગાંધી, મનીષ તિવારી, સુખદેવ ભગત પણ JPCમાં હશે.

ધર્મેન્દ્ર યાદવ, છોટાલાલ, કલ્યાણ બેનર્જી, ટીએમ સેલ્વગણપતિનો પણ JPCમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જીએમ હરીશ બાલયોગી, અનિલ યશવંત દેસાઈ, સુપ્રિયા સુલે, શ્રીકાંત એકનાથ શિંદે, શાંભવી, કે રાધાકૃષ્ણન, ચંદન ચૌહાણ અને બી વલ્લભનેની પણ વન નેશન, વન ઈલેક્શન સંબંધિત બંધારણ સુધારા વિધેયકની ચકાસણી કરવા માટે રચાયેલ JPCના સભ્યો હશે.

બપોરે ૧૨ વાગ્યે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે એક રાષ્ટ્ર, એક ચૂંટણીને લઈને JPCમાં ઉપલા ગૃહમાંથી ૧૨ સભ્યોના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. કાયદા મંત્રીએ JPCમાં રાજ્યસભામાંથી ઘનશ્યામ તિવારી, ભુવનેશ્વર કલિતા, કે લક્ષ્મણ, કવિતા પાટીદાર, સંજય કુમાર ઝા, રણદીપ સુરજેવાલા, મુકુલ વાસનિક, સાકેત ગોખલે, પી વિલ્સન, સંજય સિંહ, માનસ રંજન મંગરાજ અને વી વિજય સાઈ રેડ્ડીના નામનો પ્રસ્તાવ મૂક્યો. રાખ્યું જેને ઉપલા ગૃહે મંજૂરી આપી હતી.

કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ દ્વારા લોકસભામાં મૂકવામાં આવેલા આ પ્રસ્તાવમાં એ પણ સ્પષ્ટ છે કે જેપીસી સંસદમાં પોતાનો રિપોર્ટ ક્યારે રજૂ કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે JPC આગામી સત્રના છેલ્લા સપ્તાહના પહેલા દિવસે ગૃહમાં તેનો અહેવાલ રજૂ કરશે.

જેપીસીમાં રાજ્યસભાના ૧૨ સભ્યો પણ સામેલ થશે. તેમના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી.

### જોગવાઈમાં ફેરફારને પગલે સાયન્સ તરફ વિદ્યાર્થીઓ આકર્ષાશે

# હવે સાયન્સમાં ગ્રૂપ બદલીને પણ અભ્યાસ કરી શકાશે

**ધો.૧૧ સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.૧૨ સાયન્સમાં ગમે તે ગ્રૂપ લઈ શકશે**

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હવે ધો.11 સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.12 સાયન્સમાં ગમે તે ગ્રૂપ પસંદ કરી અભ્યાસ કરી શકશે. આ ઉપરાંત ધો.11 સાયન્સમાં બીજા સત્રના અંત સુધીમાં પણ ગ્રૂપ બદલી અભ્યાસ કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ધો.12 સાયન્સમાં ગ્રૂપ-Bમાં નાપાસ થયેલો વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB પસંદ કરી શકશે. જ્યારે ધો.12 સાયન્સમાં ગ્રૂપ-Bમાં પાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારાના પગલે વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં લાભ થશે. પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના અનુસંધાને શિક્ષણ વિભાગે ઠરાવ બહાર પાડ્યો છે. જેમાં પરીક્ષાને લઈને મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં કરવામાં આવેલા સુધારામાં બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધો.12 સાયન્સમાં ગ્રૂપ-B સાથે પાસ થયેલા વિદ્યાર્થી ઈચ્છે તો જે વર્ષે ગ્રૂપ-B સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તરત જ આવતી પૂરક પરીક્ષા અથવા તો તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા અથવા પૂરક પરીક્ષા ધો.12 ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે આપી શકશે. હાલના નિયમમાં આ પ્રકારની જોગવાઈ ન હતી.

પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર આ જોગવાઈ કરવામાં આવી છે. જેથી B ગ્રૂપના વિદ્યાર્થીઓ વર્ષ બગાડ્યા વગર જ ગણિત સાથે પરીક્ષા પાસ કરી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત હાલની જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે. પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે તથા ધો.12 સાયન્સમાં ગ્રૂપ-B સાથે નાપાસ થયેલા વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ- Bના બદલે ગ્રૂપ-A અથવા ગ્રૂપ- AB પસંદ કરી પરીક્ષા આપી શકશે. જેથી વિદ્યાર્થી નાપાસ થયા બાદ પોતાનો ગ્રૂપ બદલીને બાકીના બે ગ્રૂપ પૈકી ગમે તે ગ્રૂપ લઈ શકશે. હાલની જોગવાઈ અનુસાર ધો.11 સાયન્સનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં ગ્રૂપ-A, B અને ABમાંથી કોઈ પણ ગ્રૂપ બદલીને ફેરફાર કરી શકશે. જોકે, સુધારેલી જોગવાઈ અનુસાર ધો.11 સાયન્સનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ- ABમાંથી કોઈ પણ ગ્રૂપ બદલીને ધો.11નો અભ્યાસ કરી શકશે. ઉપરાંત જો કોઈ વિદ્યાર્થી ધો.11 સાયન્સમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-AB સાથે ઉત્તિર્ણ થયેલા હોય તો તે ધો.12 સાયન્સમાં કોઈ પણ ગ્રૂપ પસંદ કરીને અભ્યાસ કરી શકશે. હાલમાં ધો.12 સાયન્સમાં દરવર્ષે સવા લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાતા હોય છે. પરંતુ પરીક્ષાની જોગવાઈમાં કરવામાં આવેલા સુધારાના પગલે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. વિદ્યાર્થી ધો.11માં ગમે તે ગ્રૂપ પસંદ કરે અને અધવચ્ચે તે ગ્રૂપ બદલવા માંગતો હોય તો તેને છુટ મળશે.

### ગુજરાત અને જાપાન વચ્ચેના મૈત્રી સંબંધોને વધુ મજબૂત બનાવશે

# ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રીનો નવો સેતુ રચાયો, ૫ કરારો થયા

## નરેન્દ્રભાઈ મોદી અને ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત જાપાન સાથે એક નવી સહભાગીતા તરફ આગળ વધતાં રહ્યું છે

ગાંધીનગર,તા.૨૪

મહાત્મા મંદિરમાં ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રી કરારો પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચે ગાઢ મિત્રતા અને વિકાસના નવા દ્વાર ખૂલે છે. આ પ્રોજેકટોના મુખ્ય મુદ્દાઓમાં શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ, મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન, અને મોઈ જેવા અનેક કરારો સામેલ છે. આ પ્રસંગે વિવિધ મંત્રી, મહાનગરપાલિકા અને જાપાનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા અને આ કરાર ગુજરાત અને જાપાન વચ્ચેના મૈત્રી સંબંધોને વધુ મજબૂત બનાવશે. ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રી કરારોના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલજણાવ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચેની મૈત્રીપૂર્ણ સંલગ્નતાઓ હવે વધુ મજબૂત બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશ હેઠળ યોજાયેલી વાયબ્રન્ટ સમિટના પરિપ્રેક્ષ્યમાં આ સંબંધો નવી ઉંચાઈ પર પહોંચ્યા છે. આ વખતે ગુજરાત અને જાપાનના શિઝુઓકા વચ્ચે વિઝન સેટ કરતો મૈત્રી કરાર થયા છે, જેમાં વેપાર, ટેકનોલોજી, અને સાંસ્કૃતિક આદાનપ્રદાન જેવા ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારત અને જાપાન વચ્ચે ૫ MOU

★ ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાંચ મૈત્રી કરાર

★ શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન

★ અમદાવાદ અને હમામાત્સુ શહેરો વચ્ચે આપસી સહકાર માટેની દરખાસ્ત

★ વર્સેટાઈલ માઈક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU

★ સુઝુકી મોટર કોર્પોરેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે MOU

મહાત્મા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં, મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ મૈત્રી કરારો ગુજરાત અને જાપાનના શિઝુઓકા વચ્ચેના સંલગ્નતાઓને વધુ મજબૂત બનાવશે. વિવિધ કરારો, જેમ કે સુઝુકી મોટર્સ અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે મેમોરેન્ડમ ઓફ ઓપરેશન , ગુજરાત અને જાપાનની વચ્ચે વ્યાપાર અને સંસ્કૃતિના નવા માર્ગ ખોલી રહ્યા છે.

જાપાનના શિઝુઓકાના ગવર્નર સુઝુકી યાસુતોમોએ આ કરારોને ઐતિહાસિક ગણાવતાં કહ્યું કે, ગુજરાત અને જાપાનના સંબંધો હવે વધુ ઘનિષ્ઠ બની રહ્યા છે. ગુજરાત એ ભારતીય આર્થિક વિકાસનો મથક બની રહ્યું છે, અને સુઝુકી જેવી જાપાનની અનેક કંપનીઓએ અહીં રોકાણ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ, ઓટોમોટિવ, અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિશાળ ક્ષમતા છે. ગુજરાતને 'ઓટો હબ' તરીકે ઓળખવામાં આવે છે, અને અહીં લગભગ ૩૫૦ થી વધુ જાપાનીઝ કંપનીઓ કાર્યરત છે. આ ઉપરાંત, આ મૈત્રી કરાર ગુજરાત અને જાપાનના શિઝુઓકા વચ્ચે અનેક સાંસ્કૃતિક સંલગ્નતાઓને પણ વધુ મજબૂત બનાવશે. સમગ્ર પ્રોજેકટથી બંને દેશના વિકાસમાં પ્રેરણા મળશે.

### રાજયના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા

# કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળશે

## ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે

ગાંધીનગર,તા.૨૪

રાજયના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજયના ખેડૂતોને દિવસે વીજિલી આપવામાં આવશે. સુશાસન દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા લાખો ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજયના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટલા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરુ કરી દેવામાં આવ્યું છે, તેમ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ઊર્જા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ''કિસાન સૂર્યોદય યોજના'' અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જામંત્રી દેસાઈએ જણાવ્યું કે, દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સુશાસનના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લામાં નાનાચીલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં અંદાજે ૨૫૧ જેટલા અધિકારી – કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ નવી પેટા વિભાગીય અને ૩ વિભાગીય કચેરીઓ મંજૂર કરીને રાજ્ય સરકારે સતત ખેડૂતોના હિતની ચિંતા કરી છે. છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. હાલમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ ''પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના'' હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજ ગ્રાહકોના મકાન પર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ ઉપરાંત પીએમ કુસુમ-ઝ યોજના હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં આગળ પડતું રાજ્ય છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦૮.૫૭૦ મેગાવોટના ૩૭ પ્લાન્ટ કાર્યરત થયા છે, જેનો ૪૮,૬૪૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ મળ્યો છે. હાલમાં ગુજરાત Renewable Energy io ની ૩૦ ગીગાવોટની કેપેસિટી સાથે સમગ્ર દેશમાં અગ્રેસર છે, તેમ ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું

### અમદાવાદના ખોખરા વિસ્તારની ઘટના

# બાબાસાહેબની પ્રતિમા ખંડિત કરનાર બે લોકોની ધરપકડ

## ખોખરા વિસ્તારમાં કેકે શાસ્ત્રી કોલેજની સામે આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અજાણ્યા શખ્સોએ ખંડિત કરી હતી

અમદાવાદ,તા.૨૪

અમદાવાદના ખોખરા વિસ્તારમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવામાં આવી હતી. આ ઘટના બાદ લોકોમાં રોષ ફેલાયો હતો. આજે સવારે ખોખરા વિસ્તારમાં લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને દુકાનો બંધ કરાવી હતી. બાબા સાહેબની પ્રતિમા ખંડિત કરવાની ઘટના બાદ આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસની ટીમ સક્રિય થઈ હતી. હવે બાબાસાહેબની મૂર્તિ ખંડિત કરનાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં કેકે શાસ્ત્રી કોલેજની સામે આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અજાણ્યા શખ્સોએ ખંડિત કરી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે મેહુલ ઠાકોર અને ભોલા નામના બે વ્યક્તિની ધરપકડ કરી છે. આ બંનેએ જૂની અદાવતના ઝગડામાં આ કૃત્ય કર્યું હતું.

મેહુલ અને ભોલાએ પથ્થરો મારી મૂર્તિ ખંડિત કરી હતી. પોલીસે ૧૦૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. તથા ૨૦૦થી વધુ લોકોની પૂછપરછ કરી હતી. રાત્રિના ત્રણ વાગ્યા આસપાસ ડો. આંબેડકરની મૂર્તિ ખંડિત કરવામાં આવી હતી. આ કેસમાં બે લોકો ઝડપાયા છે, જ્યારે ત્રણ લોકો ભાગી ગયા છે. ક્રાઈમ બ્રાન્ચે આપેલી માહિતી પ્રમાણે જુગન દાસની ચાલી પાસે રહે છે. ક્રાઈમ બ્રાન્ચે કહ્યું કે જુગન દાસની ચાલી પાસે નળિયા સમાજ રહે છે, જ્યાં દીવાલને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ અદાવતને કારણે બાબા સાહેબની મૂર્તિ તોડી હતી.

બાબાસાહેબની પ્રતિમાને ખંડિત કરાયા બાદ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આજે સવારથી લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. લોકોએ પોલીસની વિરોધમાં પણ નારા લગાવ્યા હતા. આજે સવારે ખોખરા વિસ્તારમાં દુકાનો પણ બંધ કરાવવામાં આવી હતી. સ્થાનિકોએ પોલીસને અલ્ટીમેટમ પણ આપ્યું હતું.

### ગૃહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે

# રાજ્ય સરકાર ૧૦ વર્ષમાં દોઢ લાખ કર્મચારીઓની કરશે ભરતી

## સરકારે આગામી ૧૦ વર્ષમાં ગૃહ વિભાગમાં ૪૦ હજારથી વધુ કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી મળી છે

ગાંધીનગર,તા.૨૪

સરકારી નોકરીની તૈયારીમાં લાગેલા યુવાનો માટે એક સારા સમાચાર છે. ગુજરાત સરકાર ૧૮ વિભાગોમાં કર્મચારીઓની સીધી ભરતી કરશે. તેના માટે એક શેડ્યુલ તૈયાર કર્યું છે. જેમાં શિક્ષણ અને આરોગ?યથી લઈને પરિવાર કલ?યાણ સહિતના ૧૮ વિભાગો માટે ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે.

અહેવાલો અનુસાર, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી ૧૦ વર્ષમાં અંદાજીત ૧.૫ લાખ નવા કર્મચારીઓની ભરતી થઈ શકે છે. ૧૦ વર્ષમાં ૧૮ વિભાગોમાં ભરતી કરવામાં આવશે. તેમાં ગૃહ વિભાગનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે. એટલે કે ગૃહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે. સરકારે આગામી ૧૦ વર્ષમાં ગૃહ વિભાગમાં ૪૦ હજારથી વધુ કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી મળી છે.

જે વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે તેમાં લેબર, સકિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પંચાયતો, રૂરલ હાઉસિંગ અને રૂરલ ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટ, સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર એક્ટિવિટિઝ ડિપાર્ટમેન્ટ અને બાકીની કેડર્સમાં હેલ્થ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. જે વિભાગો માટે હજી ભરતી અંગેની ચર્ચા-વિચારણ કરવામાં આવી નથી તેમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને શિક્ષણ વિભાગનો સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, બાકીના તમામ વિભાગો માટે ભરતી અંગે આગામી થોડા અડવાડિયામાં વિચાર-વિમર્શ કરાશે અને કેટલા કર્મચારીઓની ભરતી કરવી તે નક્કી કરવામાં આવશે

### ૨ ચારમાંથી ત્રણ આઈપીઓમાં નફો મળ્યો

# આઈપીઓમાં રોકાણ કરવામાં ગુજરાત દેશમાં અવ્વલ

## મુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છેછ

નવી દિલ્હી, તા.૨૪

શેરબજારમાં રોકાણ કરવામાં ગુજરાતીઓ આગળ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં શેરબજારમાં જોવા મળી રહેલી અભૂતપૂર્વ તેજીના કારણે તેમજ પ્રાયમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફર માં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ મળતા વળતરના કારણે હવે ગુજરાત આઈપીઓમાં અરજી કરવામાં અને રોકાણ કરવામાં દેશમાં પહેલું રાજ્યું બન્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આઈપીઓમાં થયેલા કુલ ભરણમાં (એલોટમેન્ટ નહીં, કુલ અરજીની રકમ)ની દ્રષ્ટિએ ૮.૬૯ લાખ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર પહેલા સ્થાને અને ૮૮,૮૧૯ કરોડ રૂપિયા સાથે ગુજરાત દેશમાં બીજા સ્થાને હતું. એ પછી વર્ષ ૨૦૨૨-૨૩માં મહારાષ્ટ્રમાંથી કુલ ૩૨, ૮૮૭ કરોડ રૂપિયા સામે ગુજરાતમાંથી ૨૧,૯૬૦ કરોડની અરજીઓ થઈ હતી. પરંત ૨૦૨૩-૨૪માં ૧,૩૫,૦૫ કરોડ રૂપિયા સાથે ગુજરાત પ્રથમ ક્રમે અને ૯૪,૬૧૭ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવી ગયું હતું.IPOમાં રોકાણ કરતા દેશના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશમુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે. ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે. પરંતુ આઈપીઓમાં કુલ રોકાણમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા ટોચના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા અને જામનગર જેવા નાના કેન્દ્રો પણ આ ટોચના ૨૦ શહેરોની યાદીમાં જોવા મળે છે.વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૭ શહેરો હતા જે હવે વધીને ૯ થઈ ગયા છે. ભુજ હવે ટોચના શહેરોની યાદીમાં નથી પણ સામે સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા જેવા શહેરોનો ઉમેરો થયો છે. ઉપલબ્ધ વિગતો વધુમાં દર્શાવે છે કે બેંગ્લોર, પૂણે, હૈદરાબાદ કે ચેન્નાઈ જેવા મેટ્રો સેન્ટર આ યાદીમાં ગુજરાતના મોટાભાગનાં શહેરો કરતા પાછળના ક્રમે આવે છે.

# ગૌતમ અદાણીનો મોટો સોદો, ૪૦૦ કરોડનું મૂડીરોકાણ કર્યું

## અદાણી ડિફેન્સ સિસ્ટમ્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડે એર વર્ક્સ ઈન્ડિયામાં બહુમતી હિસ્સો ખરીદ્યો છે

મુંબઈ, તા. ૨૪

છેલ્લા કેટલાક મહિનામાં ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી અમેરિકામાં લાગેલા કથિત આરોપોને કારણે વિવાદોમાં ઘેરાયા છે, પરંતુ આ દરમિયાન પણ તેમનું ધ્યાન તેમના બિઝનેસને વધારવા પર જ રહ્યું હતું. હવે વર્ષના છેલ્લા મહિનામાં અદાણી ગ્રુપ દ્વારા એક મોટી ડીલ કરવામાં આવી છે. આ અંતર્ગત અદાણી ડિફેન્સ સિસ્ટમ્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડે એર વર્ક્સ ઈન્ડિયામાં બહુમતી હિસ્સો ખરીદ્યો છે.

ગૌતમ અદાણીએ જે એર વર્ક્સ કંપની હસ્તગત કરી છે તે ભારતની અગ્રણી ખાનગી એરક્રાફ્ટ મેન્ટેનન્સ કંપની છે. આ એક્વિઝિશન અદાણી ગ્રુપની કંપની અદાણી ડિફેન્સ સિસ્ટમ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડ (ADSTL) દ્વારા કરવામાં આવ્યું છે અને આ સાથે કંપનીની એન્ટ્રી એરક્રાફ્ટ મેન્ટેનન્સ અને ઓવરહોલ (MRO) ઉદ્યોગમાં અદાણીની એન્ટ્રી બની ગઈ છે. અદાણી ગ્રૂપ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, આ સમગ્ર ડીલ ૪૦૦ કરોડ રૂપિયામાં કરવામાં આવી છે. ૪૦૦ કરોડના આ સોદા દ્વારા અદાણી ડિફેન્સ સિસ્ટમ્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડે એર વર્ક્સમાં ૮૫.૮ ટકા હિસ્સો ખરીદ્યો છે અને કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ સંદર્ભમાં અદાણી જૂથ તરફથી નિવેદન જારી કરીને માહિતી આપવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ADSTL એ દેશની સૌથી મોટી ખાનગી સ્ઈ કંપની એર વર્ક્સમાં બહુમતી હિસ્સો મેળવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

એર વર્ક્સ ઈન્ડિયાની સ્થાપના વર્ષ ૧૯૫૧માં થઈ હતી અને તે દેશની અગ્રણી એરલાઈન્સને સેવાઓ પૂરી પાડે છે. તેના ગ્રાહક યાદીમાં ઈન્ડિગો અને વિસ્તારા જેવા નામો સામેલ છે. આ સિવાય લુફથાંસા, ટર્કિશ એરલાઈન્સ અને એતિહાદ જેવી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ પણ તેની સેવાઓ લે છે. આ સાથે એર વર્ક્સ ભારતીય નેવી અને એરફોર્સના એરક્રાફ્ટની પણ સંભાળ રાખે છે.

એક સમયે વિશ્વના ટોપ-૩ ધનિકોમાં સામેલ ગૌતમ અદાણીની શેરબજારમાં ૧૦ કંપનીઓ લિસ્ટેડ છે અને તેમનો બિઝનેસ ઘરના રસોડાથી લઈને એરપોર્ટ સુધી વિસ્તરેલો છે. જો આપણે એસેટ્સ વિશે વાત કરીએ, તો બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર અદાણીની નેટ વર્થ (ગૌતમ અદાણી નેટ વર્થ) ૭૫ બિલિયન ડોલર છે અને આ આંકડા સાથે, તે વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં ૧૯માં સ્થાને છે. છેલ્લા ૨૪ કલાકમાં તેમની સંપત્તિમાં ઈ૨૪૯ મિલિયનનો વધારો થયો છે.

### સિંહના માનવ પરના હુમલાના બનાવો વધી રહ્યા છે

# વિસાવદરના બરડીયાગામની સીમમાં સિંહણે ૧૩ વર્ષની બાળકીને ફાડી ખાધી

## સિંહણ ઢસડીને બાળકી પર બેસી ગઈઃ સિંહણને પૂરવા ક્વાયત

જૂનાગઢ,તા.૨૪

ગીર જંગલમાં છેલ્લા કેટલાક સમયથી સિંહના માનવ પરના હુમલાના બનાવો વધી રહ્યા છે. વિસાવદર તાલુકાના બરડીયા ગામમાં એક સિંહણે ૧૩ વર્ષની બાળકીને ફાડી ખાધાની ઘટના સામે આવી છે. સિંહણ ૪૦૦ ફૂટ જેટલી દૂર ઢસડી ગયા બાદ તેની છાતી પર બેસી ગઈ હતી. જો કે પિતાએ પ્રતિકાર કર્યો પરંતુ બાળકી બચી શકી નહોતી. વનવિભાગે સિંહણને પાંજરે પૂરવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વિસાવદરના બરડીયા ગામની સીમમાં વાડીએ મૂળ મધ્યપ્રદેશના શ્રમિકો મજૂરી કામ અર્થે ઘણા સમયથી રહે છે. રાહલી બાટા નરસિંહ (ઉંવ. ૧૩) નામની બાળકી તેની બહેન સાથે બાજુના ખેતરમાં પાણી વાળવાનું કામ કરતા તેમના પિતાને બેટરી આપવા જતી હતી. આ દરમિયાન તુવેરમાં છુપાયેલી સિંહણે રાહલી નામની બાળકીને અચાનક જ ગળાના ભાગેથી પકડી દૂર ઢસડી ચાલી ગઈ હતી. ત્યારબાદ તેની નાની બહેને બૂમાબૂમ કરી દોડીને તેના પિતા પાસે જઈ સમગ્ર વાતથી વાકેફ કર્યા હતા.તેના પિતા બાળકીને તુવેરમાં આમતેમ શોધી રહ્યા હતા ત્યારે ૪૦૦ મીટર જેટલી દૂર સિંહણ બાળકીનાં ગળાંના ભાગે બચકા ભરી તેના ઉપર બેઠી હતી. બાળકીના પિતાએ પરિસ્થિતિ જોઈ સિંહણને પડકારા કરતાં, રઘવાઈ બનેલી સિંહણ બાળકીને મૂકી ત્યાંથી દૂર ચાલી ગઈ હતી. બાદમાં ગ્રામજનોને જાણ થતા સરપંચ સહિતના આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. વન વિભાગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારમાં બે સિંહણ અને એક બચ્ચું આંટાફેરા મારી રહ્યાં છે. હાલ વન વિભાગે સિંહણને પકડવા પાંચથી વધુ પાંજરાઓ અલગ અલગ જગ્યાએ ગોઠવ્યા છે.

### ગુજરાતમાં બસના મુસાફરોને રાહત

# ટિકિટ માટે છૂટા પૈસાની માથાકુટમાંથી મળી મુક્તિ

## દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને રૂ. ૧૩ લાખની આવક

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં બસમાં મુસાફરી કરતાં લોકોને મોટી રાહત મળી છે. બસમાં મુસાફરી કરતાં લોકોને ટિકિટ માટે છૂટા રૂપિયામાંથી મુક્તિ મળી છે કારણ કે એસ.ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦ બસો માટે ૩૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' ફાળવવામાં આવ્યા છે. દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી જીૃ નિગમને રૂપિયા ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. ઊઇ પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ નિગમને રૂ. ૩૦.૫૩ કરોડથી વધુની આવક કરાવી છે.

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮૫૦૦થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે. નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. જેના ભાગરૂપે પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦થી વધુ બસોમાં ૩૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે. 'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. ઊઇ પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ રૂપિયા ૩૦.૫૩ કરોડથી વધુની જીૃને આવક કરાવી 'ડિજિટલ ટ્રાન્જેક્શન' પર ભરોસો મુક્યો છે. જેમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે.

ગુજરાત એસ.ટી નિગમ દ્વારા નાગરીકોને હવે મુસાફરી કરવામાં રોકડ કે છુટા પૈસા પોતાની જોડે રાખવાની જરૂર રહેશે નહિ. નિગમે 'ડિજિટલ ઈન્ડિયા – ડિજિટલ ગુજરાત'ને પ્રોત્સાહન આપવા તેમજ રોકડ નાણાંના વિકલ્પ રૂપે મુસાફરો બસની અંદર જ ટિકિટીંગ મશીનમાં ડાયનામિક ઊઇના માધ્યમથી ડિજિટલ ટ્રાન્જેકશન દ્વારા ટિકિટ મેળવી શકે છે. ગુજરાત એસ.ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં ચાર વિભાગના ૩,૦૦૦ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટ મશીનમાં ઊઇ આધારિત UPI પેમેન્ટ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં મુસાફરો પોતાના ફોનથી UPI અથવા ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડ મારફતે પોતાની ટિકિટ લઈ શકે છે, જો કોઈ કારણસર મુસાફરનું ટ્રાન્જેકશન રદ થાય તો માત્ર એક જ કલાકમાં મુસાફરોને તેમની આ રકમ ડિજિટલ માધ્યમ થકી પોતાના બેંક એકાઉન્ટમાં પરત મળી જાય છે.

### માનવાધિકારનું રક્ષણ કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

# બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચારને લઇ હવે અમેરિકા પણ હવે એક્શનમાં

ઢાકા, તા. ૨૪

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ અને તેમના ધર્મસ્થાનો પર મોટા પાયે થઈ રહેલા હુમલાઓને લઈને વધી રહેલા આક્રોશ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ સાથે વાત કરી છે. વાતચીત દરમિયાન બંનેએ બાંગ્લાદેશમાં માનવાધિકારની સુરક્ષા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વ્હાઈટ હાઉસે સુલિવાન અને યુનુસ વચ્ચેની વાતચીત અંગે જણાવ્યું હતું કે, 'બંને નેતાઓએ તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના તમામ લોકોના માનવાધિકારનું સન્માન અને રક્ષણ કરવા માટે તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.' અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુલિવાને સમૃદ્ધ, સ્થિર અને લોકતાંત્રિક બાંગ્લાદેશ માટે અમેરિકાના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો અને દક્ષિણ એશિયાઈ રાષ્ટ્ર સામેના પડકારોનો સામનો કરવા માટે બાંગ્લાદેશને સમર્થન આપવાનું પણ કહ્યું. આ વાતચીત બાઈડન વહીવટીતંત્રે ડોનાલ્ડ ટ્રમ્પને સત્તા સોંપ્યાના એક મહિના કરતા પણ ઓછા સમય પહેલા થઈ હતી. ટ્રમ્પ આગામી વર્ષે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

હિન્દુ એક્શને જણાવ્યું હતું કે, 'હિન્દુઓ સામેના ક્રૂર હુમલાના અહેવાલો સતત બહાર આવી રહ્યા છે, ખાસ કરીને છેલ્લા બે અઠવાડિયામાં, કારણ કે અસરગ્રસ્ત લોકો તરફથી મદદ માટે અપીલ કરવામાં આવે છે.'

હિન્દુ એક્શનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ઉત્સવ ચક્રવર્તીએ કહ્યું કે, 'છેલ્લા સાડા પાંચ મહિનામાં બાંગ્લાદેશમાં જે બન્યું છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે મુહમ્મદ યુનુસ જમાત-એ-ઈસ્લામીમાં તેના સહયોગીઓને રોકવામાં નિષ્ફળ રહ્યો છે, જેઓ હવે દેશભરમાં હિંસા ફેલાવી રહ્યા છે, મંદિરો બાળી રહ્યા છે, લોકોની હત્યા કરી રહ્યા છે, મહિલાઓ પર બળાત્કાર કરી રહ્યા છે અને હિન્દુ સમુદાયના પૂજારીઓ અને નેતાઓને કેદ કરી રહ્યા છે અને તેમને ત્રાસ આપી રહ્યા છે.' સુલિવાન અને યુનુસ વચ્ચેની વાતચીત એવા સમયે થઈ હતી જ્યારે તાજેતરમાં યુએસ કોંગ્રેસ (સંસદ)ના ભારતીય મૂળના સભ્ય શ્રી થાનેદારે બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો. થાનેદારે કહ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે સંસદ આ મામલે કાર્યવાહી કરે. થાનેદારે અમેરિકી સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં કહ્યું હતું કે, 'બહુમતી ટોળાએ હિન્દુ મંદિરો, હિન્દુ દેવી-દેવતાઓ અને તેમના ધર્મનું શાંતિપૂર્વક પાલન કરતા હિન્દુઓને બરબાદ કરી દીધા છે. આથી હવે સમય આવી ગયો છે કે અમેરિકી કોંગ્રેસ અને અમેરિકી સરકાર આ અંગે કાર્યવાહી કરે.'

### સીબીઆઈનાં 'ભારતપોલ' પોર્ટલ પર શેર કરાશે ગુનેગારની તમામ માહિતી

# 'વિદેશમાં સંતાઇને બેસેલા ભાગેડુઓની હવે ખેર નહીં'

નવી દિલ્હી, તા.૨૪

વિદેશમાં છુપાયેલા ભાગેડુઓ પર સકંજો કસવા માટે CBIએ એક નવું અત્યાધુનિક ઓનલાઈન પ્લેટફોર્મ 'ભારતપોલ' તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મના માધ્યમથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પોલીસ દળો અને કેન્દ્રીય એજન્સીઓ, ઈન્ટરપોલથી ભાગેડુઓની જાણકારી મેળવી શકાશે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશને ભારતનું રાષ્ટ્રીય કેન્દ્રીય બ્યુરો છે જે ઈન્ટરપોલને લગતી બાબતોનું સંચાલન કરે છે.CBI દ્વારા ડિઝાઈન કરાયેલી આ પરિયોજના પરીક્ષણના સ્તરે છે અને જેને 7 જાન્યુઆરીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લોન્ચ કરવામાં આવી શકે છે. રાજ્યો અને CBI (ઈન્ટરપોલ ઈન્ડિયા) વચ્ચે પત્ર, ઈમેલ, ફેક્સના માધ્યમથી નહીં પરંતુ પોર્ટલના માધ્યમથી જાણકારી શેર કરી શકાશે.આ પણ વાંચો: ટ્રમ્પની શપથવિધિ પહેલા અમેરિકાના પ્રવાસે જયશંકર, ટેરિફ મુદ્દે થશે ચર્ચા?તમને જણાવી દઈએ કે, ઈન્ટરપોલ એક આંતરરાષ્ટ્રીય ગુનાહિત પોલીસ સંસ્થા છે. જેના ભારત સહિત દુનિયાભરમાં 195 દેશો સદસ્યો છે. જેનું મુખ્યાલય ફ્રાન્સના લિયોન ખાતે આવેલું છે. આ ઉપરાંત, તેના વિશ્વભરમાં સાત પ્રાદેશિક બ્યુરો પણ છે. તે એક આંતરરાષ્ટ્રીય કેન્દ્રીય બ્યુરો છે, જે તેને વિશ્વની સૌથી મોટી પોલીસ સંસ્થા બનાવે છે.વર્ષ 1949માં ભારત ઈન્ટપોલનું સદસ્ય બન્યું હતું. જેમાં ઈન્ટરપોલમાં તમામ સદસ્ય દેશ એક પ્લેટફોર્મ થકી પોતાના દેશમાં થઈ રહેલા ગુનોઓની જાણકારી એકબીજા સાથે શેર કરી શકે છે. જ્યારે CBI ઈન્ટરપોલ અને અન્ય તપાસ એજન્સીઓ વચ્ચે નોડલ એજન્સીનું કામ કરે છે. વિદેશમાં છુપાયેલા ભાગેડુઓની ધરપકડ કરવા માટે ઈન્ટરપોલ રેડ નોટિસ, ખોવાયેલા લોકો માટે યલો નોટિસ, ગુનાઓની તપાસના સંબંધમાં કોઈ વ્યક્તિની ઓળખ, ઘટના સ્થળની જાણકારી માટે બ્લૂ નોટિસ નીકાળે છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ટરપોલ પાસે કોઈપણ ગુનેગારની ધરપકડ કરવાની સત્તા નથી. ભાગેડુની ધરપકડ તે સભ્ય રાષ્ટ્રના શાસન પર આધારિત છે જેમાં તે રહે છે.ઈન્ટરપોલની જરૂરત પહેલા વિશ્વ યુદ્ધ બાદ મહેસુસ થઈ હતી, જ્યારે યુરોપમાં ગુનાઓ વધી રહ્યા હતા. ગુનેગારો એક દેશમાં ગુનાઓ કરીને અન્ય દેશમાં છુપાય જતા હતી. આવા ગુનેગારોથી અવગત કરવા માટે 20 દેશોએ સાથે મળીને ઈન્ટરપોલની સ્થાપના કરી હતી. જેમાં ઈન્ટરપોલની સ્થાપના 7 સપ્ટેમ્બર 1923ના રોજ વિયેના, ઓસ્ટ્રિયામાં કરવામાં આવી હતી. જો કે, તે સમયે ઈન્ટરપોલને ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કમિશન કહેવામાં આવતું હતું, પરંતુ 1956થી તેને ઈન્ટરપોલ (ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન) કહેવાનું શરૂ થયું.

# બાબરા ખાતે જિલ્લા પોલીસ વડાનું આગમન થતા ભાજપ પરિવાર દ્વારા સ્વાગત કરાયુ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં અમરેલી જિલ્લાના પોલીસ વડા નવનિયુકત એસપી સંજય ખરાટ બાબરા પોલીસ સ્ટેશનની મુલાકાતે આવતા બાબરા ભાજપના અગ્રણીઓ દ્વારા જિલ્લા પોલીસ વડાની શુભેચ્છા મુલાકાત કરી સ્વાગત સન્માન કર્યુ હતું. બાબરા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી ચેરમેન અનિભાઈ મકવાણા, પૂર્વ કારોબારી ચેરમેન ભુપતભાઈ બસિયા, સદસ્ય શંભુભાઈ પાંચાણી, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, બાબરા શહેર યુવા મહામંત્રી કપિલભાઈ ચોવટીયા સહિતના સ્થાનિક અગ્રણીઓ દ્વારા જિલ્લા પોલીસ વડાનું સન્માન કર્યુ હતું.

### પાલિકાનાં શાસકોની સુંદર કામગીરી

## સાવરકુંડલાનાં મણીનગરમાં દાયકાઓ બાદ આરસીસી માર્ગ બનાવાયો

### સ્થાનિકોએ શાસકોનો આભાર માન્યો

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરમાં આવેલ મણિનગર સોસાયટીની મધ્ય ગલીમાં રોડનું અસ્તિત્વ જ ન હતું જેથી સાવરકુંડલા લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને આ અંગે અહીંના રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને આ વિસ્તારમાં એક મજબૂત ટકાઉ રોડનું નિર્માણ થયું જે બદલ સોસાયટીના રહીશો મહેશભાઈ કસવાળા, મેહુલભાઈ ત્રિવેદી તથા આ વોર્ડના કાઉન્સિલર નાશીર ચૌહાણ, સોહીલ શેખ, આસિફભાઈ કુરેશી તથા રાજેભાઈ ચૌહાણ તથા ચીફ ઓફિસરનો જાહેર આભાર માને છે. આ સંદર્ભે હકુદાસ, સંજય પટેલ, ચંદુભાઈ કસવાળા જાણીતા પત્રકાર દિલીપભાઈ જીરૂકા વગેરે મહાનુભાવોમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પાના ૮ ઉપરનું ચાલું **કુંકાવાવ–વડીયાનાં ભાજપનાં મંડળ**

નિયુકત મંડળ પ્રમુખે જન્મ તારીખના દાખલમાં ફેરફાર કર્યાનો આક્ષેપ કુંકાવાવ ભાજપનાં અગ્રણી યોગેશ દવે કરતાં ચકચાર મચી છે.

તેઓએ ભાજપના ચુંટણી અધિકારીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમોએ આ તાલુકામા મંડલ/વોર્ડ પ્રમુખ તરીકે ઉમેદવારી ફોર્મ રજુ કરેલ છે. અમારા જાણવામા આવ્યા મુજબ અમારી સાથે જંગર ગામના વિપુલભાઈ વસાણીએ પણ પ્રમુખ તરીકે ઉમેદવારી કરેલ છે. પરંતુ એમણે ઉંમરના પુરાવામા ખોટી માહિતિ રજુ કરેલ છે. અને આપને ગેરમાર્ગે દોરી ફોર્મ રજુ કરેલ છે. એમના જન્મ તારીખની આધાર સાથે ચકાસણી કરવામા આવે તો સંગઠને નિયત કરેલ ઉંમર કરતા તેઓ વધુ ઉંમર ધરાવે છે. મળેલ માહિતિ અનુસંધાને તેમની જન્મતારીખના આધારો મંગાવી ચકાસણી કરવા અને હકિકત ખરી નીકળે તો એ મુજબ ફોર્મ રદ કરવા અંત માંગ કરેલ છે.

### અવારનવારની આવન જાવન કેમેરામાં કેદ

## ખાંભામાં રાત્રિનાં સમયે રહેણાંક વિસ્તારમાં સિંહના આંટાફેરા

### સિંહો પેટની ભૂખ ભાંગવા કરે છે આગમન


તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૪

ખાંભામાં અવારનવાર સિંહો રહેણાંક વિસ્તારમાં આવી ચડે છે તે સીસીટીવી કેમેરામાં કેદ થાય છે તે વીડીયા સોશિયલ મીડિયામાં પણ વાયરલ જોવા મળી રહે છે અને પશુઓના મારણ કરે છે ત્યારે પાછલા ઘણા દિવસોથી એક ચાર સિંહણ સિંહબાલના ગ્રુપે રીતસરના ખાંભાના રેવન્યુ વિસ્તારમાં ધામા નાખ્યા છે અને મારણ કરી રહ્યા છે જયારે હજુ થોડા દિવસો પેહલા આનંદ સોસાયટીના હનુમાન મંદિર નજીક ગાયનું મારણ કરી મિજબાની માણી હતી ત્યારે ગત રાત્રીના આ સિંહણ ગ્રુપ ફરી ખાંભાના રેવન્યુ વિસ્તારમાં આવી ચડયું હતું અને એક અનું મારણ કર્યુ હતી અને મિજબાની માની હતી આવી રીતે રાજુલાના રામપરા ગામના રહેણાંક વિસ્તારમાં રાત્રી સિંહો દ્વારા મારણ કરી મિજબાની માણી હતી અને બાદમાં રામાપરા ગામની શેરીઓમાં સિંહોના ગ્રુપે આટફેરા કર્યા હતા હવે જંગલ છોડીને રેવન્યુ વિસ્તારમાં સિંહોના આંટાફેરા વધારા ગ્રામજનોમાં ફાંફાડાટ જોવા મળી રહ્યો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૬ | ૧૪૪૩ |
| ૨ | મગફળી | ૮૨૫ | ૯૯૬ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| ૪ | અડદ | ૯૦૦ | ૧૧૦૧ |
| ૫ | શીંગદાણા | ૧૦૯૧ | ૧૧૦૧ |
| ૬ | તલ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૭ | ઈસબગુલ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૦ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૧૦૪૬ | ૧૧૧૧ |
| ૩ | ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ૪ | જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |
| ૫ | મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૬ | અડદ | ૧૨૬૧ | ૧૨૬૧ |
| ૭ | તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## પબ્લિક નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તાલુકાના ગામ મોજે જુનાસાવર ગામની સીમનાં ખાતા નં.૧૦૦૯ ની રે.સ.૨૪૬/૨ પૈકી ૧ ની જમીન હે.આરે. ૪–૨૦–૮૮ ચો.મી. તથા રે.સ.૨૪૬/૨ પૈકી ૨ ની હે.આરે.૨–૪૨–૮૧ ચો.મી. તથા રે.સ.નં.૨૪૫ પૈકી ૭ ની જમીન હે.આરે. ૧–૭૮–૦૬ ચો.મી. તથા રે.સ.૨૪૫ પૈકી ૮ ની જમીન હે.આરે. ૦–૮૦–૯૪ ચો.મી. તથા રે.સ.૨૪૫ પૈકી ૯ ની જમીન હે.આરે. ૨–૭૫–૧૮ ચો.મી. તથા રે.સ.૨૪૫ પૈકી ૧૧ ની જમીન હે.આરે. ૨–૨૩–૭૫ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૫–૨૧–૬૨ ચો.મી. વાળી ખેતીની જમીન કે જે **સુદાણી ભુપતભાઈ ગોકળભાઈ ઉર્ફે ગોકુળભાઈ સુદાણી** તથા **સુદાણી જગદીશભાઈ ભુપતભાઈ** ના નામે ચાલે છે. જે ખેતી જમીન **સુદાણી ભુપતભાઈ ગોકળભાઈ ઉર્ફે ગોકુળભાઈ સુદાણી** તથા **સુદાણી જગદીશભાઈ ભુપતભાઈ** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ સદરહું ખેતીની જમીન સામે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ ખેતીની જમીનમા કોઈનો કોઈપણ સ્વરૂપે હક્ક, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક, કબ્જો વિગેરે હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ – ૦૭ (સાત)માં સંપૂર્ણ આધાર પુરાવાઓ સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, બોજો, અગ્રહક્ક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી. અને જો હોય તો તે જતો (વેવ) કરેલ હોવાનું ગણી અમારા અસીલ અવેજની રકમ ચુકવીને વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

**ઓફિસ : ૯, સિધ્ધિવિનાયક ચેમ્બર**
**મામલતદાર ઓફિસ સામે, મહુવા રોડ, સાવરકુંડલા.**
**મો. ૯૮૭૯૮ ૪૩૬૩૬**
**૭૬૦૦૯ ૪૧૮૫૪**

**જતીન એલ. મહેતા**
(એડવોકેટ)

## પબ્લિક નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાના ગામ મોજે જળજીવડી ગામની સીમનાં ખાતા નં.૧૭ ની રે.સ.૧૩ પૈકી ૨ ની જમીન હે.આરે. ૧–૨૧–૨૯ ચો.મી.વાળી ખેતીની જમીન કે જે **તળાવીયા રણછોડભાઈ કાનજીભાઈ** તથા **તળાવીયા જયંતિભાઈ કાનજીભાઈ** તથા **તળાવીયા જીવતીબેન કાનજીભાઈ** તથા **તળાવીયા રેખાબેન કાનજીભાઈ** તથા **તળાવીયા દયાબેન કાનજીભાઈ** ના નામે ચાલે છે. જે ખેતીની જમીન **તળાવીયા રણછોડભાઈ કાનજીભાઈ** તથા **તળાવીયા જયંતિભાઈ કાનજીભાઈ** તથા **તળાવીયા જીવતીબેન કાનજીભાઈ** તથા **તળાવીયા રેખાબેન કાનજીભાઈ** તથા **તળાવીયા દયાબેન કાનજીભાઈ** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ સદરહું ખેતીની જમીન સામે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ ખેતીની જમીનમા કોઈનો કોઈપણ સ્વરૂપે હક્ક, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક, કબ્જો વિગેરે હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ – ૦૭ (સાત)માં સંપૂર્ણ આધાર પુરાવાઓ સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, બોજો, અગ્રહક્ક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી. અને જો હોય તો તે જતો (વેવ) કરેલ હોવાનું ગણી અમારા અસીલ અવેજની રકમ ચુકવીને વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

**ઓફિસ : ૯, સિધ્ધિવિનાયક ચેમ્બર**
**મામલતદાર ઓફિસ સામે, મહુવા રોડ, સાવરકુંડલા.**
**મો. ૯૮૭૯૮ ૪૩૬૩૬**
**૭૬૦૦૯ ૪૧૮૫૪**

**જતીન એલ. મહેતા**
(એડવોકેટ)

### મહે.ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખાંભા

ફો.પ.અ.નં. ૨૬૦/૨૦૨૪
મુદત તા. ૨૩/૦૧/૨૦૨૫

અરજદાર : અનીલભાઈ શામજીભાઈ મકવાણા
રહે. કોદીયા, તા. ખાંભા, જી. અમરેલી

// વિરૂધ્ધ //

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કોદીયા, તા. ખાંભા, જી. અમરેલી

**અરજદારનાં વિ. વકીલશ્રી : એ.બી. ઉનાગર**

**// જાહેર નોટિસ //**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના **માતાશ્રી સ્વ. લાભુબેન શામજીભાઈ મકવાણા**નું અવસાન **તા. ૨૨/૧૧/૨૦૦૪** નાં રોજ મોજે ગામ કોદીયા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ અરજદારનાં માતાના અવસાન અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા. ૨૩/૦૧/૨૦૨૫** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધ સરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહિતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (ડી.એમ. કલસરીયા) | સિક્કો | (ડી.જે. પઠાણ) | (એ.એસ. દવે) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર – ખાંભા |

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૩૪/૨૦૨૪

**અરજદાર :** શ્રી સાવલીયા સાકરબેન વલ્લભભાઈ
સરનામું : રહે.શેરી નં.૪, કુંકાવાવ રોડ, જેશિંગપરા, તા./જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ. અમરેલી, તા./ જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **સાવલીયા સાકરબેન વલ્લભભાઈ** એ તેમના ભાણકી **પટેલ ભાવનાબેન લાલજીભાઈ**નો **જન્મ (તા.૦૫/૦૭/૧૯૭૧)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૨૪–૧૨–૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**(જી.જી.બાવીસા)**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૭ | ૧૦૯૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૧૨ | ૧૩૧૨ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૨ | ૧૨૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૩૪ |
| ૬ | તલ કાળા | ૩૯૦૦ | ૫૧૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૧૫ |
| ૮ | બાજરો | ૩૨૮ | ૬૫૩ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૮૭૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૪ | ૬૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૨ |
| ૧૨ | મગ | ૧૧૮૦ | ૧૭૧૮ |
| ૧૩ | અડદ | ૭૮૦ | ૧૫૬૦ |
| ૧૪ | ચણા | ૭૪૦ | ૧૩૪૦ |
| ૧૫ | તુવેર | ૧૦૮૧ | ૧૪૦૭ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૪૭૫ |
| ૧૭ | એરંડા | ૧૧૬૨ | ૧૨૧૭ |
| ૧૮ | જીરૂ | ૩૦૦૦ | ૪૨૩૦ |
| ૧૯ | ધાણા | ૧૨૫૦ | ૧૪૧૫ |
| ૨૦ | અજમા | ૨૦૬૦ | ૨૨૦૦ |
| ૨૧ | મેથી | ૯૦૦ | ૧૦૭૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૮૪૮ |
| ૨૩ | રજકાનુ બી | ૩૬૦૦ | ૩૭૭૫ |
| ૨૪ | મરચા લાંબા | ૫૨૦ | ૨૩૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૯ | ૧૪૫૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૧ |
| ૩ | શીંગ ગીરનારી | ૧૧૫૧ | ૧૩૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૬૨૬ |
| ૫ | તલ કાળા | – | ૪૪૦૪ |
| ૬ | જીરૂ | ૩૮૫૦ | ૪૩૫૯ |
| ૭ | કપાસ | ૧૩૨૫ | ૧૪૬૪ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૪૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૪ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૬૬૬ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૭૫૧ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | અડદ | ૧૦૫૦ | – |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૫ | તુવેર | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ૧૭ | રાય/રાયડો | ૧૦૦૦ | – |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | – |
| ૧૯ | સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૯૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૮૦ | ૧૧૬૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૦ | ૧૦૮૦ |
| ૫ | અડદ | ૧૦૪૦ | ૧૩૪૦ |
| ૬ | ઘઉં | ૫૨૦ | ૬૪૭ |
| ૭ | જીરૂ | ૩૯૫૦ | ૪૩૧૦ |
| ૮ | સોયાબીન | ૭૬૦ | ૮૦૦ |
| ૯ | ચણા | ૧૧૬૦ | ૧૨૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૮ |
| ૪ | મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૫ | સોયાબીન | ૫૫૩ | ૭૮૨ |
| ૬ | મગફળી | ૮૨૫ | ૯૧૬ |
| ૭ | ચણા | ૮૫૫ | ૧૨૪૦ |
| ૮ | તલ સફેદ | ૨૧૧૦ | ૨૧૧૦ |
| ૯ | ધાણા | ૧૩૮૫ | ૧૪૦૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૧૨૦ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૧૮ |
| ૨ | તલ સફેદ | ૧૯૧૯ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૪ | તલ પીળા | ૩૨૦૧ | ૩૩૦૦ |
| ૫ | કપાસ | ૧૩૨૫ | ૧૪૬૦ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૬૩૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૮ |
| ૮ | જુવાર | ૭૫૦ | ૮૨૬ |
| ૯ | મગ | ૧૩૦૧ | ૨૦૦૦ |
| ૧૦ | મઠ | ૧૧૨૦ | ૧૧૭૬ |
| ૧૧ | અડદ | ૧૧૦૧ | ૧૪૦૧ |
| ૧૨ | તુવેર | ૧૨૬૧ | ૧૫૨૬ |
| ૧૩ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૪ | એરંડી | ૮૨૫ | ૮૨૫ |
| ૧૫ | વાલ | ૧૭૮૧ | ૧૭૮૧ |
| ૧૬ | સોયાબીન | ૭૫૧ | ૭૮૧ |

## પ્રમુખ તરીકે એડવોકેટ વશરામભાઈ સુસરા, ઉપપ્રમુખપદે એડવોકેટ પ્રતાપભાઈ ખાચર

# બાબરાનાં બાર એસોસીએશનનાં નવા વર્ષનાં હોદ્દેદારોની વરણી

**સેક્રેટરી તરીકે હરેશભાઈ મેવાડા, જોઈન્ટ સેક્રેટરી તરીકે રીષી રૂપારેલીયાની વરણી**

**ખજાનચી તરીકે સાગરભાઈ સાવલીયા લાયબ્રેરીયન તરીકે અતુલભાઈ નીમાવત અને સહલાઈબ્રેરીયન પદે પ્રકાશભાઈ મકવાણાને જવાબદારી**

**તમામ હોદ્દેદારોની બિનહરીફ વરણી થતાં તમામ એડવોકેટ દ્વારા શુભકામના પાઠવવામાં આવી**

**નવનિયુક્ત હોદ્દેદારોએ વકીલ મંડળને મજબૂત બનાવીને વકીલોના પ્રશ્નો જે કાંઈ હોય તેનુ નિરાકરણ કરવાની આશા વ્યક્ત કરી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪,

બાબરામાં બાર એસોસિએશન દર વર્ષે યોજાતી ચુંટણીમાં બાબરા બાર એસોસીએશનમાં આગામી વર્ષ ૨૦૨૫ માટે તમામ હોદેદારોની બિનહરીફ વરણી થવા પામી છે. બાબરા બાર અશોસીએશનની મળેલી મીટીંગમાં બાબરાના તમામ ધારાશાસ્ત્રીઓએ સાથે મળીને બાબરા બાર એસોસીએશનના તમામ હોદેદારોની બિન હરીફ કરી છે. જો કે બાબરા બાર એસોસીએશનમાં તમામ ધારાશાસ્ત્રીઓ હળી મળીને કોઈપણ જાતના વાદ વિવાદ વગર તમામ કર્યો કરી રહીછે અને આગામી વર્ષમાં પણ હાલ નવ નિયુક્ત હોદેદારો ધારાશાસ્ત્રીઓના હિતમાં કામગીરી કરશે તેવી નેમ સાથે બાબરા બાર એસોશીએશનની મળેલી મીટીંગમાં પ્રમુખ તરીકે વશરામભાઈ રાજાભાઈ સુસરા, ઉપપ્રમુખ વહીવટી તરીકે પ્રતાપભાઈ એ. ખાચર, ઉપપ્રમુખ હિસાબી તરીકે જગદીશભાઈ બી. કારેટીયા, સેક્રેટરી તરીક હરેશકુમાર આર. મેવાડા અને જોઈન્ટ સેક્રેટરી તરીકે રિષીકુમાર પી. રૂપારેલીયા, ખજાનચી તરીકે સાગરભાઈ સી. સાવલિયા, લાયબ્રેરીયન તરીકે અતુલભાઈ જી. નિમાવત, અને સહ લાઈબ્રેરીયન તરીકે પ્રકાશભાઈ આર. મકવાણાની બિનહરીફ વરણી થવા પામી છે. અને બાબરાના તમામ ધારાશાસ્ત્રીઓએ નવ નિયુક્ત હોદેદારોને અભિનંદન પાઠવેલ છે.

---

## જાહેર રજાનાં દિવસોમાં પણ કામગીરી થઈ

# સાવરકુંડલાની પૂરવઠા શાખામાં સવા લાખ જેટલા રેશન કાર્ડનું કેવાયસી પૂર્ણ

**પૂરવઠા વિભાગનાં સ્ટાફની કામગીરી પ્રશંસનીય**



સાવરકુંડલા, તા. ૨૪

હાલમાં ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોના e-kyc અંગેની ખાસ ઝુંબેશ રૂપે કામગીરી થઈ રહી છે જેને લઈને સાવરકુંડલા મામલતદાર કચેરીની પુરવઠા શાખા દ્વારા કચેરી દરમિયાન અને જાહેર રજાના દિવસે પણ ખાસ કેમ્પનું આયોજન કરીને વધારેમાં વધારે લોકો e-kyc કરી શકે તે અંગે જરૂરી પ્રચાર–પ્રસાર કરી સતત કામગીરી કરી રહ્યા છે સાવરકુંડલા તાલુકાના દરેક ગામમા પણ હાલમાં E-KYC ની કામગીરી ચાલુ છે તો જે રેશનકાર્ડ ધારકોના e-kyc બાકી છે તે ઝડપથી e-kyc કરાવી લેવા માટે સાવરકુંડલા મામલતદાર જે.એન.પંડયા અને પૂરવઠા શાખાના નાયબ મામલતદાર કિરીટ પાઠક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ તકે સાવરકુંડલામાં જાહેર રજાના દિવસોમાં પણ કોમ્પ્યુટર ઓપરેટર દિપક પરમાર, દિવ્યેશ મહેતા, અને હાર્દીક જેઠવા પણ મામલતદાર અને પુરવઠા વિભાગના નાયબ મામલતદારના માર્ગદર્શન હેઠળ e-kycનો દોર આગળ ચલાવી રહ્યા છે એમ યોગેશ ઉનડકટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

---

## જળસંરક્ષણ પ્રવૃત્તિ માટે

# લાઠી : ધોળકિયા ફાઉન્ડેશનને જલ પ્રહરી તથા વોટર મેનેજમેન્ટ ફોરમ એવોર્ડ એનાયત

**પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાની જળસંરક્ષણ પ્રવૃત્તિની નોંધ લેવામાં આવી**



લીલીયા, તા. ૨૪

ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણની પ્રવૃત્તિની સમગ્ર દેશમાં નોંધ લેવાઈ રહી છે. તાજેતરમાં ભારતના જળ સરક્ષણ ક્ષેત્રે પ્રવૃત્તિ બદલ અપાતા અગ્રણી જલ પ્રહરી એવોર્ડ તથા વોટર મેનેજમેન્ટ ફોરમ એવોર્ડ પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના ફાઉન્ડેશનને એનાયત થયેલ છે. દુધાળા લાઠી સહિત સમગ્ર રાજયમાં જળ સંરક્ષણ પ્રવૃત્તિની નોંધ લઈને નીતિ આયોગ, જલ શકિત મંત્રાલય, જળ જીવન મિશન વગેરેના સહયોગથી રેઈલટેઈલ દ્વારા અપાતા જલ પ્રહરી એવોર્ડ સવજીભાઈ ધોળકિયાને એનાયત થયેલ. ધોળકિયા ફાઉન્ડેશનના બ્રિજેશ ધોળકિયા દ્વારા રાજયકક્ષાના જલશકિત મંત્રી રાજભૂષણ ચૌધરીના હસ્તે આ એવોર્ડ સ્વીકારાયેલ.

આ ઉપરાંત તાજેતરમાં કલકત્તા ખાતે યોજાયેલ ઈન્ડિયન એન્જિનિયરિંગ કોંગ્રેસમાં વોટર મેનેજમેન્ટ ફોરમ એવોર્ડ પણ આ ફાઉન્ડેશનને પ્રાપ્ત થયેલ. ફાઉન્ડેશનના પ્રોજેકટ હેડ કનક પટેલ દ્વારા ભારતનો આ અગ્રણી પુરસ્કાર સ્વીકારવામાં આવેલ. તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# સાવરકુંડલાનાં સેવાભાવી નરેન્દ્રભાઈ વણઝારાની આવતીકાલે સાદડી



સાવરકુંડલા, તા. ૨૪

સાવકુંડલા નરેન્દ્રભાઈ રતિલાલ વણઝારા ઉં. વર્ષ ૬૬નું દુખદ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા/ઉઠમણું તારીખ ૨૬/૧૨/૨૪ના ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે. તેમની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

પરિવારને સાંત્વના પાઠવવા સંદર્ભે B.A.P.S. અમરેલી સ્વામિનારાયણ મંદિરના કોઠારી સંત પૂ.સાધુચરિત સ્વામિ પણ આ અણધારી આવી પડેલ દુખની ઘડીમાં ઉપસ્થિત રહી સાંત્વના સંદેશ પાઠવશે. ભરતભાઈ રતિલાલ વણઝારા, કેતન મનુભાઈ વણઝારા ૯૯૭૪૨૪૯૧૭૩ જતીન અનંતરાય વણઝારા ૯૯૭૯૧૮૭૧૯૯, પી. સી. વણઝારા ૯૮૨૫૬૦૩૯૯૮, પ્રકાશભાઈ વણઝારા ૯૯૦૯૪૯૨૫૨૩,

---

# સાવરકુંડલામાં આયુર્વેદિક અડદિયાનું વિતરણ



સાવરકુંડલા, તા. ૨૪

શિયાળાની ઋતુમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. આ સંદર્ભમાં સાવરકુંડલાના ભગવાન પરશુરામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી નગરજનો માટે ઔષધીય ગુણોથી ભરપૂર અડદિયાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અડદિયા આયુર્વેદિક પદ્ધતિથી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં દેશી ગાયનું ઘી અને દેશી ગોળને અમૃત સમાન ગણવામાં આવે છે. આ બંને ઘટકો શરીરને અનેક રીતે ફાયદો પહોંચાડે છે. દેશી ગાયનું ઘી શરીરને ગરમ રાખે છે અને રોગપ્રતિકારક શકિત વધારે છે, જયારે દેશી ગોળ શરીરને શકિત પ્રદાન કરે છે અને પાચનતંત્રને મજબૂત બનાવે છે. ભગવાન પરશુરામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું આ કાર્ય સમાજસેવાનું એક ઉત્તમ ઉદાહરણ છે. ટ્રસ્ટના જીગ્નેશભાઈ મહેતા, મુકેશભાઈ જોશી, શૈલેષભાઈ મહેતા, આશિષભાઈ ભટ્ટ, જતીનભાઈ ઠાકર, જયેશભાઈ પંડયા અને અન્ય ભૂદેવ મિત્રો આ સેવાકાર્યમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. તેમનું આ ઉમદા સેવા કાર્ય સમાજના અન્ય લોકો માટે પ્રેરણાદાયી છે. સાવરકુંડલાના સર્વ સમાજના લોકો આ ઔષધિય અડદિયાનો ખૂબ જ આનંદ લઈ રહ્યા છે. આ અડદિયા ન માત્ર સ્વાદિષ્ટ છે પરંતુ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતું આ અડદિયું શિયાળાની ઋતુમાં સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી બચવામાં મદદરૂપ થાય છે.

ભગવાન પરશુરામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું આ સેવા કાર્ય સાવરકુંડલા માટે ગૌરવની વાત છે. આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું આ કાર્ય સમાજસેવાની ભાવનાનું પ્રતિક છે.

---

## છેલ્લા ૩૦ વર્ષથી અવિરત પદયાત્રાનું આયોજન

# અમરેલીથી આગામી શુક્રવારે વીરપુર (જલારામ) સુધીની પદયાત્રાનો પ્રારંભ

**રાત્રિનાં ૯ કલાકે જલારામ મંદિરથી આસ્થાભેર પ્રારંભ**



અમરેલી, તા. ૨૪

અમરેલીનાં લીલીયા માર્ગ ઉપર આવેલ જલારામ મંદિરથી રાત્રિનાં ૯ કલાકે ૩૦મી પદયાત્રાનો આસ્થાભેર પ્રારંભ થશે. અને રવિવારે સવારે પદયાત્રા વીરપુર પહોંચશે.

છેલ્લા ૩૦ વર્ષથી વીરપુર (જલારામ) સુધીની પદયાત્રાનું આયોજન થતું આવ્યું છે. જે પરંપરા અંતર્ગત પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. યાત્રામાં જોડાવા ઈચ્છુકોએ મો.નં. ૮૧૬૦૦ ૬૦૦૦૬ અને મો.નં. ૯૪૦૯૪ ૪૩૧૦૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

---

## નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલનાં સહયોગથી

# અમરેલી ખાતે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર દ્વારા પ્રકૃતિ પરીક્ષણ કાર્યક્રમ યોજાયો

**પ્રકૃતિ પરીક્ષણ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૪

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા દેશનું પ્રકૃતિ પરિક્ષણ અભિયાનનું આયોજન કરેલ છે. જેના ભાગરૂપે નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ, અમરેલીના સહયોગથી રવિ સત્સંગ સભામાં પ્રકૃતિ પરિક્ષણ કાર્યક્રમ યોજાયો. માનવ શરીરમાં મુખ્ય ત્રણ દોષ છે. વાત–પિત્ત–કફ. આ દોષ ઓળખાય તો ઘણી બધી બીમારીમાંથી બચી શકાય.

ભારત સરકાર દ્વારા સ્વસ્થ ભારત મિશન અંતર્ગત તમામ લોકોની પ્રકૃતિની ઓળખાણ થાય અને તે આધારિત દિનચર્યા, ખોરાક અને રહેણીકરણી અંગેની જાણકારી મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રકૃતિ પરિક્ષણ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલ છે. આ એપ્લિકેશનના માધ્યમથી રવિસભામાં હાજર હરિભકતોનું પ્રકૃતિ પરિક્ષણ કરવામાં આવ્યું. તેમજ આયુર્વેદનું જ્ઞાન દરેક ઘર સુધી પહોંચે તે માટેની સમજૂતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ, અમરેલીના તજજ્ઞો દ્વારા આ રાષ્ટ્રીય અભિયાનની વિડિઓના માધ્યમથી સમજૂતી અપાઈ હતી. જેમાં આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા અપાયેલ વિડિઓ સંદેશ પ્રસારિત કરવામાં આવેલ.

---

## ''સહકાર થી સમૃદ્ધિ'' સમગ્ર દેશમાં નવરચિત

# અમરેલીમાં આજે M-PACS, Dairy અને Fishery કો–ઓપરેટિવ સોસાયટીનું ઉદ્ઘાટન

**આજે અમર ડેરીએ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ થશે**

અમરેલી, તા. ૨૪

ભારત સરકારના ''સહકાર થી સમૃધ્ધિ''ના ઉદ્દેશ્યને સાકાર કરવા સમગ્ર દેશમાં નવરચિત ૧૦ હજાર M-PACS, Dairy અને Fishery કો–ઓપરેટિવ સોસાયટીનું ઉદ્ઘાટન થશે.

આ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી, નવા ડેરી પ્લાન્ટ, હની ટ્રેનીંગ સેન્ટર, ધારી રોડ, વાંકિયા, ખાતે તા. ૨૫ ડિસેમ્બર, ૨૪ને બુધવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે થશે.

આ કાર્યક્રમમાં સહકાર ક્ષેત્રના અગ્રણીઓ, પદાધિકારીઓ, મહાનુભાવો, આગેવાનઓ સહિતના ઉપસ્થિત રહેશે. આથી સહકારી ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તમામને આ કાર્યક્રમમાં સહભાગી થવા અમરેલી જિલ્લા

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## એકાદ મહિનાની બેઠકો, ચર્ચાનાં અંતે સત્તાવાર જાહેરાત કરી દેવાઈ

# અમરેલી જિલ્લાનાં ૧૬ મંડળનાં ભાજપ પ્રમુખનાં નામો જાહેર

**જિલ્લામાં કુલ ૨૦ મંડળોમાંથી અમરેલી શહેર/તાલુકા, બાબરા અને દામનગર શહેરનાં પ્રમુખની યાદી બાકી રહી**

**આગામી પાલિકા અને પંચાયતોની ચૂંટણીને લઈને નવનિયુક્ત પ્રમુખની વિશેષ જવાબદારી રહેશે**

**દરેક સમાજને મહત્વ મળી રહે તે પ્રકારે પસંદગી કરવામાં આવી હોવાનું તારણ**

**જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેર અને તાલુકા મંડળનાં નામને લઈને રહસ્ય ઉભુ થયું**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે અતિ મહત્વની ગણાતી સત્તાધારી ભાજપનાં મંડળ પ્રમુખ પદને લઈને છેલ્લા એક મહિનાની ચર્ચા, બેઠકોનાં દોરનાં અંતે જિલ્લાનાં ૨૦ મંડળ માંથી ૧૬ મંડળનાં પ્રમુખનાં નામોની સત્તાવાર યાદી આજે જાહેર કરવામાં આવી છે.

આજે પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપનું એકચક્રી શાસન ચાલતું હોવાથી ભાજપનાં સામાન્ય પદનું પણ અતિ મહત્વ રહેતું હોય છે. જેમાં મંડળ પ્રમુખનું પાલિકા કે પંચાયતની ચૂંટણીનાં ઉમેદવારની પસંદગીમાં મહત્વ રહેતું હોવાથી અનેક યુવા કાર્યકર્તાઓ મંડળ પ્રમુખ બનવા થનગની રહ્યા હતા અને તેમનાં રાજકીય આગેવાનનાં આશીર્વાદ મેળવવા દોડધામ કરી રહ્યા હતા.

અંતે આજે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેર અને તાલુકા તેમજ બાબરા, દામનગર શહેરને બાદ કરીને લીલીયા, ખાંભા, ધારી, બાબરા, કુંકાવાવ-વડિયા, બગસરા, રાજુલા, જાફરાબાદ, લાઠી, સાવરકુંડલા સહિતનાં ૧૦ તાલુકાનાં મંડળ પ્રમુખ તેમજ ચલાલા, બગસરા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા અને લાઠી સહિતનાં ૬ શહેર પ્રમુખનાં નામોની યાદી જાહેર કરવામાં આવી છે.

બાકી રહેતા ૪ મંડળનાં પ્રમુખનાં નામોની યાદી આગામી દિવસોમાં જાહેર કરાશે.

### અમરેલી જિલ્લાનાં મંડળ પ્રમુખની યાદી

| ક્રમ | મંડળ નામ | પ્રમુખનું નામ |
|---|---|---|
| ૧ | ચલાલા શહેર | શ્રી જીતેન્દ્રભાઈ મનુભાઈ કાથરોટીયા |
| ૨ | લીલીયા તાલુકા | શ્રી જીગ્નેશભાઈ મનસુખભાઈ સાવજ |
| ૩ | લાઠી તાલુકા | શ્રી પરેશભાઈ જીવકુભાઈ કનાળા |
| ૪ | લાઠી શહેર | શ્રી ધર્મેશભાઈ ભૂપેન્દ્રભાઈ સોની |
| ૫ | ખાંભા તાલુકા | શ્રી આનંદકુમાર જનકરાય ભટ્ટ |
| ૬ | ધારી તાલુકા | શ્રી મૃગેશભાઈ બાબુભાઈ કોટડીયા |
| ૭ | બાબરા તાલુકા | શ્રી હિતેશભાઈ રાવજીભાઈ કલકાણી |
| ૮ | બગસરા તાલુકા | શ્રી પ્રદિપભાઈ જયંતિભાઈ ભાખર |
| ૯ | બગસરા શહેર | શ્રી જયસુખભાઈ ધીરૂભાઈ સાદરાણી |
| ૧૦ | કુંકાવાવ-વડિયા તાલુકા | શ્રી વિપુલભાઈ ભીખાભાઈ વસાણી |
| ૧૧ | રાજુલા તાલુકા | શ્રી ધીરૂભાઈ છગનભાઈ નકુમ |
| ૧૨ | રાજુલા શહેર | શ્રી વનરાજભાઈ વાજસુરભાઈ વરૂ |
| ૧૩ | સાવરકુંડલા તાલુકા | શ્રી હિતેશભાઈ મનસુખભાઈ ખાત્રાણી |
| ૧૪ | સાવરકુંડલા શહેર | શ્રી અનિરૂધ્ધસિંહ જસવંતસિંહ રાઠોડ |
| ૧૫ | જાફરાબાદ તાલુકા | શ્રી કુલદીપભાઈ ઘનશ્યામભાઈ વરૂ |
| ૧૬ | જાફરાબાદ શહેર | શ્રી સંદિપભાઈ ભીમજીભાઈ શિયાળ |

**પાલિકાનાં વિપક્ષી નેતાની રજૂઆત બાદ ચીફ ઓફિસરનું નિવેદન**

# અમરેલીનાં વરસડા રોડ ઉપરનાં બ્યુટિફિકેશનમાં વિધાસભાનો ગેઈટ બનતો હોવાથી તોડફોડ કરાઈ

**વિધાસભાનાં સંચાલકોએ મંજૂરી વગર તોડફોડ કરી હોય નોટિસ અપાશે : ચીફ**



અમરેલી, તા. ૨૪

અમરેલીનાં વરસડા રોડ ઉપર પાલિકા ધ્વારા બ્યુટિફિકેશન કરવામાં આવેલ. જેમાં વિદ્યાસભાનાં સંચાલકોએ દરવાજો બનાવવા તોડફોડ મંજૂરી વગર કરી હોવાનું પાલિકાનાં ચીફ ઓફિસરે જણાવેલ છે.

તેઓએ જણાવેલ કે, વિદ્યાસભા દ્વારા અગાઉ મંજૂરી માંગવામાં આવેલ પરંતુ પાલિકા તરફથી મંજૂરી આપવામાં આવી ન હોવા છતાં તોડફોડ થતાં હવે નોટિસ આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

**ભાજપનાં યુવા અગ્રણી યોગેશ દવેની રજુઆત**

## કુંકાવાવ-વડીયાનાં ભાજપનાં મંડળ પ્રમુખે જન્મ તારીખમાં ગોલમાલ કર્યાનો આક્ષેપ

**ભાજપનાં ચુંટણી અધિકારીને પત્ર પાઠવી રજુઆત કરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના જુદા-જુદા ૧૬ મંડળનાં પ્રમુખની ભાજપ દ્વારા આજે જાહેર થતાં જ ભાજપનાં કુંકાવાવ-વડીયાનાં નવ

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)